Summ

# અધ્યાત્મ



વર્ષ : ૧૯ નવેમ્બર–૧૯૯૭ અંક : ૨

## * ઉત્કટ વૈરાગ્ય ઝડપી પ્રગતિ માટે અનિવાર્ય *

ઉત્કટ વૈરાગ્યવાળો સાધક સાધના પણ તીવ્રતાથી કરી શકે. માટે વૈરાગ્યની ભાવના વધારે ને વધારે પ્રમાણમાં કેળવવાની જરૂર છે. તે ઉપરાંત, સાધનાનું મહત્ત્વ જીવનના મંગલમાં કેટલું બધું મૂલ્યવાન ને મોટું છે તેનો વિચાર પણ કરવો ઘટે છે, તેવા વિચારથી સાધનામાં એક પ્રકારનો પ્રબળ પ્રેમ પેદા થશે ને તેને માટે સર્વસ્વને હોડમાં મૂકવાનું મન થશે. સાધનાની સફળતા સુધી કોઇ કારણે ક્યાંય અટકવાનું ને અટવાવાનું કે ફસાવાનું મન નહિ થાય. આ ટૂંકા જીવનની પળેપળનું મહત્ત્વ પછી સારી રીતે સમજાશે. જે રહીસહી શક્તિ આપણી પાસે છે તેનું મૂલ્ય પણ સમજાશે. ને તેનો સદુપયોગ કરી જીવનનું શ્રેય કરવાનો આપણને નાદ લાગશે. સાધના સિવાયની બીજી બધી વાતો તેમ જ પ્રવૃત્તિઓ પછી આપણે માટે સૂકી ને ગૌણ બની જશે. સિદ્ધિની લગન લાગશે, ને સાધનાના મંગલ મંદિરના પ્રામાણિક પૂજારી બની પરમાત્માના શ્રીચરણોમાં આપણે આપણું સર્વ સમર્પણ કરી દઇશું.

એવો તીવ્ર વેગ કાંઇ ચપટી વગાડતામાં, આંખ મીંચી-ને ઊઘાડતામાં કે એક બે મિનિટમાં નથી મળતો. સાધના-ના ને એકધારી સાધનાના ફળરૂપે તે તો સહજ રીતે જ પ્રગટે છે ને સફળ થઈને જ શાંત થાય છે.

યોગેશ્વરજી

# અધ્યાત્મ


આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

છૂટક નકલ ૪–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૨૫–૦૦

વિદેશમાં રૂા. ૨૦૦–૦૦ (વિમાનથી)

- સંસ્થાપક પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટિબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- તંત્રી–સંપાદક શ્રી નારાયણ હ. જાની.
- સહસંપાદકો શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી મણિભાઈ સી. શાહ.
- પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧
- તંત્રી, મુદ્રક અને પ્રકાશક નારાયણ હ. જાની. ફોન ૫૬૫૮૧૧
- મુદ્રણસ્થાન રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી ૧, બોરડીગેટ, ભાવનગર–૧.


### લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઇ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૫ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| પ્રાર્થના | યોગેશ્વર પરિવારના બાળકો | ૩ |
| પૂ. માના જન્મદિવસની ઉજવણી | તંત્રી | ૪ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૫ |
| પ. પૂ. માનું ભારત–આગમન અને સત્કાર | નારાયણ હ. જાની | ૧૨ |
| મન–મૃગને | ડૉ. રણજિત પટેલ (અનામી) | ૨૧ |
| યાત્રા–પરમની સંગાથે | સુરેશ શાહ–કેનેડા | ૨૨ |
| નવા તીર્થોની યાત્રા | યાત્રી | ૩૦ |
| સર્વેશ્વરીતીર્થનો પાટોત્સવ | — | ૩૨ |
| પ્રેતાત્મા બોલે છે | સ્વામી કૃષ્ણાનંદ | ૩૩ |
| અંબાજીનો મૌન–જપયજ્ઞ | હરિભાઈ ભોજાણી | ૪૯ |
| પોલ બ્રન્ટનની મહર્ષિ સાથેની મુલાકાત | યોગેશ્વરજી | ૫૬ |
| રામકથા | યોગેશ્વરજી | ૬૧ |


# * પ્રાર્થના *

**પરમ પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજી અને હે મા સર્વેશ્વરી,**

**અમે આપના જન્મદિન નિમિત્તે પ્રભુને પ્રાર્થના કરીએ છીએ કે આપને લાંબુ તંદુરસ્તીભર્યું જીવન આપે અને આપનો પ્રાદુર્ભાવ આ પૃથ્વી ઉપર માનવોને સાંસારિક બંધનોથી મુક્ત કરી પ્રભુપંથે આગળ વધારવા માટે થયો છે તે યુગકાર્યમાં અમને પણ સેતુબંધની રચના સમયે પેલી ખીસકોલીને થોડા કાંકરાઓ ધરવાનું સૌભાગ્ય મળેલું, તેવું અદકુ સૌભાગ્ય અમને મળે, તેવા આશીર્વાદ માગીએ છીએ. હે મા–પ્રભુ તે અમને આપજો.**

— અમે છીએ
યોગેશ્વર પરિવારના
બાળકો

# પૂ. માના જન્મદિવસની ઉજવણી

૧૩ નવેમ્બર, પ.પૂ. મા શ્રી સર્વેશ્વરીનો જન્મદિવસ છે. છેલ્લાં બે વર્ષોમાં પૂ. માએ પોતાના વિદેશનિવાસ દરમ્યાન આ દિનની ઉજવણી એકાંતમાં મૌન રાખી અને અખંડ જપ કરીને ઉજવી છે. આપણે સહુ પણ આ વર્ષે પૂ. માનો જન્મદિન ઉજવીએ–પરંતુ તે પૂ. માને ગમે છે તે રીતે. એટલે યોગેશ્વર પરિવારનાં ધ્યાનકેન્દ્રો પોતપોતાના શહેરમાં થોડા કલાકો માટે–અગર અખંડ જપનો કાર્યક્રમ પ્રયોજી ઉજવી શકે.

આપણે ઈચ્છીએ કે પૂ. માનું જીવનધ્યેય પૂ. ગુરુદેવ જલ્દીથી પરિપૂર્ણ કરે જેથી પૂ. મા ફરીથી આપણને પોતાની દિવ્યવાણીનો લાભ આપતાં થાય.

— તંત્રી.




# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

–મા સર્વેશ્વરી

વર્ષ : ૧૯ નવેમ્બર–૧૯૯૭ અંક : ૨


## શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

**તા. ૧૬–૬–૮૧, મંગળવાર, જેઠ સુદ ચૌદસ, ૨૦૩૭**

**સ્થળ : માઉન્ટ આબુ, વિહાર હોટેલ, રૂમ નં. ૭.**

સવારે સર્વેશ્વરી દરરોજની જેમ ૬ થી ૮ નખી તળાવના શાંત એકાંત બગીચાના એક ખૂણામાં બેસીને જપ, પ્રાર્થના કરે છે, વળી રામાયણના પારાયણનો આજે ચોથો વિશ્રામ પણ પૂરો કરે છે. એ રીતે પૂ. શ્રી પણ ૬ થી ૭ મંત્રજપ કરી ૭ થી ૮ સ્નાન, દાઢી, વ્યાયામમાંથી નિવૃત્ત થઈ લેખનકાર્ય માટે કલમ હાથમાં લે છે.

સાડા અગિયાર સુધી લેખનકાર્ય, વચ્ચે થોડા આરામ બાદ ચાલુ જ રહે છે. સાડા અગિયારથી બાર સુધીમાં ભોજનાલયમાં જઈ ભોજન લેવાનું બને છે.

ભોજન બાદ સત્સંગની બેઠક શરૂ થઇ. આજે બપોરે ૧૧ વાગ્યાથી અમારા સાથીદારો પોતાનો ઉતારો મજૂર મહાજન ગેસ્ટહાઉસનો છોડી નીચે રહેવા આવી ગયા છે. તે સૌ પણ પૂ. શ્રીને પ્રણામ કરી બેઠા છે.

પૂ. શ્રીની બાજુના જ રૂમમાં નડિયાદના એક વેપારી ભાઇ રહે છે. તેઓ પણ નિયમિત સત્સંગમાં આવે છે. તેઓ પોતાનાં પત્ની સાથે આવીને બેઠા છે. તેમણે મહામૃત્યુંજય મંત્રનું શુદ્ધિકરણ અને એના અર્થની સમજૂતી પૂ. શ્રી પાસેથી મેળવી.

પૂ. શ્રી : ત્રણ આંખવાળા (દિવ્યદૃષ્ટિવાળા) જેના શરીરમાંથી સુગંધ આવી રહી છે તેવા શ્રી શંકર ભગવાનનું અમે પૂજન કરીએ છીએ, જે શરણ લેનારને પોષણ આપે છે.

પાકેલી કાકડી વેલાથી જે સહજતાથી છૂટી પડે છે, તેવી સહજતા અને સરલતાથી (શરીરના) બંધનમાંથી મને છોડાવો અને અમૃતપદ આપો, શાંતિ આપો, પ્રસન્નતા આપો, આરોગ્ય આપો, સ્થિરતા આપો.

આવી અર્થરૂપ પ્રાર્થના કરવી. એવી ભાવના સાથે જપ કરવા મંત્ર શુદ્ધ બોલો નહીં તો ભાર્યાં રક્ષતુ ભૈરવીને બદલે "ભાર્યાં ભક્ષતુ ભૈરવી" જેવું થાય.

એક પંડિત જપ કરે–પોતાની પત્નીને માંદગીમાંથી મુક્ત કરવા પણ તેણે ભાર્યાં રક્ષતુ ભૈરવી ને બદલે ભૂલમાં "ભાર્યાં ભક્ષતુ ભૈરવી" જપ કર્યો, તો અંતે પત્ની મૃત્યુ પામી.

ત્યાં વળી પૂ. શ્રીએ વિવેકચૂડામણિ ગ્રંથ હાથમાં લીધો. એનો ૬૧ મો શ્લોક પૂ. શ્રીએ વંચાવ્યો. એનો અર્થ સમજાવતાં પૂ. શ્રીએ કહ્યું :



આત્મદર્શન વિના શાસ્ત્રજ્ઞાન નકામું. જે શાસ્ત્રોના જ્ઞાનથી પ્રભુપ્રીતિ ન જાગી, પ્રભુપ્રાપ્તિની ઇચ્છા ન જાગી તે શાસ્ત્રનું જ્ઞાન નકામું છે, અને આત્મતત્ત્વ તમને સમજાઇ ગયું તોપણ શાસ્ત્રનું જ્ઞાન નકામું છે.

તમારા ભોજન માટે તમે ચૂલો સળગાવ્યો, ત્યાં જ લાડુની થાળી આવી. જેમાં બધા જ પદાર્થો હતા. તો પછી તમારે હવે ચૂલાને સળગાવવાની જરૂર રહી ખરી?

મીરાં, નરસિંહ, ધ્રુવ, પ્રહ્લાદને શાસ્ત્રજ્ઞાનની જરૂર ન રહી. તે વિના જ તેઓ આત્મશાંતિ પામી ગયાં.

અચ્યુતમ્ કેશવમ્ રામનારાયણમ્,
કૃષ્ણદામોદરમ્ વાસુદેવમ્ હરિમ્।
શ્રીધરમ્ માધવમ્ ગોપિકા શ્રીવલ્લભમ્,
જાનકી નાયકમ્ શ્રીરામચંદ્રમ્ ભજે.

કૃષ્ણચંદ્ર કી જય, સબસંતનકી જય, ઉપરની બધી જ પંક્તિઓ સૌએ પ્રેમપૂર્વક ઝીલી. સૌને સમજાઇ ગયું કે હવે સમય પૂરો થવા આવ્યો છે. સૌએ પ્રણામ કર્યાં.

મીનાબેને પૂ. શ્રીની ચાદર ધોવા લઇ લીધી અને રૂમનો કચરો કાઢી નાંખ્યો. સૌ વિદાય થયા. પૂ. શ્રીએ ત્યારબાદ ફરી લેખનકાર્ય શરૂ કર્યું. થોડો આરામ કર્યો. લગભગ પાંચ વાગ્યે પૂ. શ્રીએ ચણા, સીંગદાણા ને કેરીનો નાસ્તો કર્યો ને પછી ફરી લેખનકાર્ય શરૂ કર્યું.

આજે બપોરે આરામ કરતાં પહેલાં પૂ. શ્રીને પોતાના માતાજીની સ્વચ્છતા યાદ આવી. તેમણે કહ્યું : 'માતાજી કેટલી બધી ગરીબાઇમાં ઉછર્યાં' છતાં સ્વચ્છતા જ ગમતી. અસ્વચ્છતા

જરાપણ ચલાવી ન લેતાં. બીજાનાં પાણી ભરવા પડતાં, તો કેટલી કઠિનાઇ હશે? વિચાર કરો. હું ત્યારે મુંબઇ ભણતો. એટલે તેઓએ વડોદરામાં રસોઇના કાર્યો પણ કરેલાં.

એકવાર હોસ્ટેલના રસોડામાં રસોઇ બનાવતાં એમને ફાવે નહીં તો તેઓએ છૂટા થવું પડેલું. એટલે ફરી સરોડા થોડા દિવસ રહી જાય. વળી પાછાં કોઇના ઘરે રસોઇ બનાવે.

પૂ. શ્રી આ શબ્દો બોલતાં બોલતાં રડી પડયા. થોડીક મિનિટો સતત આંસુ વહેતાં રહ્યાં. પછી થોડા સ્વસ્થ થઇ પાછા બોલ્યા :

'એટલે હું તેમનું ખૂબ ધ્યાન રાખતો. મારી સાથે આવ્યા પછી તો તેમણે ખૂબ ખૂબ સુખ ભોગવ્યું. હું લેખનકાર્ય કે કાર્ય કરતો હોઉં પણ તેઓ તો સૂતાં જ હોય.'

પૂ. શ્રીની માતૃપ્રેમની સર્વોત્તમ લાગણી વધુ અસ્વસ્થ ન બનાવે તેથી સર્વેશ્વરી થોડી બીજી વાતો તરફ પૂ. શ્રીને દોરતાં કહે છે : માતાજીને જે સ્મશાનમાં અગ્નિદાહ દીધો હતો, ત્યાં આપણે સ્મારકનું વિચારતા હતાં તે અંગે શ્રી નારાયણભાઇએ કંઇ આપને વાત કરી?

અને એ રીતે પૂ. શ્રીને બીજી વાતો શરૂ કરાવી, જેથી સંપૂર્ણ સ્વસ્થ બની ગયા. સ્વસ્થ બનાવવાનો પ્રયત્ન સર્વેશ્વરીએ કર્યો તેમાં તેમને સફળતા મળી જણાઇ. પણ એ તો મહાપુરુષ છે. એમને વળી સ્વસ્થ કે અસ્વસ્થ કોણ કરી શકે? એ તો પોતે હમેશાં સ્વસ્થ જ રહે.

છ વાગ્યા સુધી પૂ. શ્રીએ લેખનકાર્ય ચાલુ જ રાખ્યું. સાંજે રામાયણનું કાવ્યગાન સંભળાવી બહાર ફરવા જવાનું બન્યું.



પૂ. શ્રી દરરોજની જેમ—ચાર રસ્તા જ્યાં શરૂ થાય ત્યાં—પૂછે. પણ આજે કઇ તરફ જવું છે? એવું ન પૂછતાં પોતે જ બજાર તરફ ચાલવા લાગ્યા. એટલે સૌએ તેનું અનુકરણ કર્યું. ફરતા ફરતા નખી તળાવ પહોંચ્યાં. ત્યાં એક ભગવાં વસ્ત્રધારી સંતપુરુષે પૂ. શ્રીની પાસે આવી કહ્યું : આપ યોગેશ્વરજી? આપના દર્શનની ઘણા દિવસોથી ઇચ્છા હતી. મુંબઇ વેદાંત સંમેલનમાં આપનાં પ્રવચનો સાંભળ્યાં છે.

પૂ. શ્રીએ અને એમણે પરસ્પર હાથ જોડી વાતો શરૂ કરી. બગીચા તરફ બંને સંતવિભૂતિ આગળ પગલાં ભરવા લાગી. સ્વામીજીનું નામ માધવાનંદ (રાજસ્થાનના) હતું. માર્ગમાં તેઓએ પોતાની વિદેશયાત્રાની વાતો કરી.

પ્રથમ બાગ આવ્યો, ત્યાં તેઓ ગયા. અમે આગળ ગયાં. એઓશ્રીએ અમને પાછા વળતાં પોતે જ્યાં બેઠા છે ત્યાં આવવાનું ભાવભીનું આમંત્રણ આપ્યું, જેથી અમે ૨૦ મિનિટ આગળ ફરીને ફરીથી સ્વામી માધવાનંદજીની પાસે આવ્યાં.

તેઓ બાંકડા પર બેઠા હતા. ઊભા થઇ ગયા. ફરી પ્રણામ કરી આપ તો સમર્થ વિભૂતિ છો—એમ કહી થોડી ઉપદેશાત્મક વાતો સૌને સંભળાવી. ત્યારબાદ પોતાના નિયમ મુજબની પ્રાર્થના કરવા પૂ. શ્રી પાસે સંમતિ માંગી.

તેમણે પ્રાર્થના શરૂ કરી. આરતી, ધૂન પણ બોલ્યા, જેમાં સાંભળનારને સ્પષ્ટ ખ્યાલ આવી ગયો કે સ્વામી માધવાનંદ ગુરુભક્તિમાં અનન્ય શ્રદ્ધા ધરાવે છે. એમના ગુરુજી રાજ-સ્થાનના પ્રસિદ્ધ સંત શ્રી દીપનારાયણ મહાપ્રભુજી (દેવડુંગરી આશ્રમના) હતા. અને માધવાનંદજીના શિષ્ય શ્રી મહેશ્વરાનંદ હાલ

વિદેશમાં છે, તેમની થોડી વાતો કરી.

ગુરુકૃપાથી શું થઇ શકે તેની વાતો કરતાં કહ્યું "હું એક જ ચોપડી ભણ્યો છું, પણ ગુરુકૃપાથી વાંચી શકાય, લખી શકાય ભજનો લખાય. પરદેશ જઇ શક્યો. અંગ્રેજી બોલી શકું છું. ગુરુકૃપા હિ કેવલમ્।

ગુરુદેવ હતા ત્યારે તેમને ઓળખી ના શક્યા. અમે તેના દરબારના ગુનેગાર છીએ.

એમની વાતોમાં શ્રોતાઓને ગુરુભક્તિ ને નમ્રતા દેખાતી હતી. તેમનાથી અમે છૂટા પડયાં. તેમના ગુરુજીનું જીવનચરિત્ર તેમણે લખ્યું છે, તે પણ અમે મેળવ્યું.

ઉતારા પર આવી નાસ્તો, દૂધ લીધો. આરામ પહેલાં સર્વેશ્વરી સાથીદારો પાસે નીચે થોડીવાર જાય છે.

ફરી ઉપર આવે છે ત્યારે પૂ. શ્રી ધ્યાનમાં બેઠા હોય છે. પાંચ મિનિટ પછી સર્વેશ્વરી સાથે વાતો શરૂ કરતાં કહે છે : "આપણે આબુ શા માટે આવ્યા છીએ? આપણું કામ કરવા ને આરામ કરવા. લોકો માટે આપણે નથી આવ્યાં. આપણી સાથે જે ભાઇ-બેનો આવ્યા છે તે હવે આપણી નીચે રહેવા આવ્યા એટલે તમને એક પ્રકારનું પ્રલોભન મળ્યું છે. બે વાર મળવાનું પૂરતું છે. તમારું ધ્યેય તો ઘણું ઊંચું છે. પછી આમ સમય બરબાદ કરો અને એ લોકોની વચ્ચે જ્યારે ને ત્યારે જઇને બેસો તે યોગ્ય નથી."

"આપણે આપણા જીવનનું ધ્યેય ભૂલવું ન જોઇએ. આપણે આપણી પ્રાર્થના, જપ, ધ્યાન, નિયમિત કરવાં જોઇએ. અહીં મારી પાસે બેસીને કરી શકાય."



સર્વેશ્વરીએ એક વાર પૂ. શ્રી સામે દલીલ કરી કે પોતે તો દીપનારાયણનું પુસ્તક લેવા ગયાં હતાં–પણ એ દલીલ પછી પણ પૂ. શ્રીનું ગંભીર વક્તવ્ય ચાલું જ હતું, જેથી સર્વેશ્વરી ચૂપ થઇ જાય છે.

"ભૂલો મારી આજે થઇ તે સઘળી માફ કરી દો,
ગુરુઆજ્ઞાને હું શિર પર ધરું એવું કરી દો."

ઉપરની બે લીટીઓ સર્વેશ્વરીએ ગંભીર બનીને ગાઇ સંભળાવી. પૂ. શ્રીએ કહ્યું "તમને કહેવું જોઇએ એવું લાગે છે તેથી કહું છું. તમે વાત ન માનવાનાં હો તો હવે કહેવાનું બંધ કરીશ. હું જે કહું છું તે કડવું લાગશે, પણ સાચું જ છે. તમે તમારામાં–આત્મામાં મગન રહો. 'કુછ લેના ન દેના મગન રહેના' તો કંઇક મેળવી શકશો."

"પૂ. શ્રીની વાતો તદ્દન સાચી છે. સર્વેશ્વરી આ ગંભીર સૂચના બાદ વિચારે છે કે ગુરુદેવ આટલા સમર્થ છે તો તે સર્વેશ્વરીના માનસને ગુરુઆજ્ઞાધીન કેમ બનાવી દેતા નથી? ગુરુની સર્વ આજ્ઞાને શિર પર સ્વેચ્છાએ ધારણ થાય એવો કંઇક ચમત્કાર કરી દો તો બેડો પાર થઇ જાય."

આ ગંભીર વાતો પછી સર્વેશ્વરીને વાંચન કરવું હતું પણ તે બંધ રાખે છે. ને જપની માળા કરતાં કરતાં આરામ કરે છે. પૂ. શ્રી પણ આરામ કરે છે. હરિઃ ૐ

(ક્રમશઃ)

## પ. પૂ. માનું
# ભારત–આગમન અને સત્કાર

નારાયણ હ. જાની

પ. પૂ. મા શ્રી સર્વેશ્વરી અચાનક ભારત પધાર્યાં. કોઈને બેત્રણ દિવસ પહેલાં કલ્પના પણ નહિ કે તા. ૨૮–૯–૯૭ ના રોજ પૂ. મા સર્વેશ્વરીનાં પ્રત્યક્ષ દર્શન થશે !

તા. ૨૬–૯ ની મોડી રાતે મા–પ્રભુના પ્રેમી સેવક શ્રી જીતુભાઈ ગાંધી તરફથી ફોન ઉપર ગુજરાત તેમ જ મુંબઈના સાધકોને સંદેશો મળ્યો. પૂ. મા ભારત પહોંચી રહ્યાં છે. તા. ૨૮–૯ ના રોજ વડોદરા ૧૦ થી ૧૨ દર્શન આપશે. સાધકોને આની જાણ કરજો.

ઘડીભર આ માની ના શકાયું. એપ્રિલફૂલ માટેની તો કોઈ તારીખ ન હતી. એટલે સાચુ માની, શક્ય તેટલા સાધકોને તેની જાણ કરી.

વડોદરા પહોંચીને જોયું તો જાદુઈ લાકડીથી રાતોરાત ઊભા કરાવી દેવાતા મહેલની જેમ "અરુણોદય" સોસાયટીના હોલે નવા સાજ સજી દીધેલા. માત્ર ૪૮ કલાકની નોટિસે–આઠસોથી પણ વધુ સાધક ભાઈબહેનો હોલ અને તેની બહાર ગોઠવાઈ ગયેલાં. માની ના શકાય એવું આ દૃશ્ય હતું. વડોદરાના યુવાન સાધક ભાઈબહેનોએ રાતભર જાગીને આ ભવ્ય સજાવટ કરી હતી.

પૂ. મા જ્યારે હોલ ઉપર પધાર્યાં ત્યારે પ્રભુના દરબારના



છડીદારોના પોષાકમાં સજ્જ યુવક યુવતીઓએ પૂ. માને કુરનીશ બજાવી, તેઓનું અનોખું સ્વાગત કર્યું. લગભગ ૨૫ મહિનાઓ જેટલા લાંબા ગાળા પછી પૂ. માનું આ પ્રથમ દર્શન–સાધકો ને ભક્તોને મળ્યું. તેની ખુશી સહુના મુખ ઉપર વરતાતી હતી.

અમદાવાદ, રાજકોટ, મોરબી, પાલનપુર, ભાવનગર તેમ જ અન્ય સ્થળોએથી ભાવિક સાધકો ખાસ વાહનો કરી આવ્યા હતા.

પ્રારંભમાં પૂ. માનું સ્વાગત શ્રી પંડિતજીએ સંસ્કૃત શ્લોકોથી અને શ્રીપૂર્ણિમાબેને મધુર ગીતથી કર્યું, શાસ્ત્રોક્તવિધિથી શ્રી જીતુભાઈએ પૂજન અને અભિવાદન કર્યું.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી વિજયસિંહ રાણાએ કર્યું.

વડોદરાના સાધકોવતી શ્રી કુન્દનબેન રાણાએ અને શ્રી દક્ષેશ કોન્ટ્રેક્ટરે પૂ. મા ભારત પધારવા બદલ ખુશી વ્યક્ત કરી અને શ્રી જીતુભાઈ ગાંધીએ પૂ. માને ભારત લાવવા માટે–કરેલ પ્રયત્નની સરાહના કરી.

શ્રી કલ્યાણ અને શ્રી હરિભાઈ ભોજાણીએ પૂ. માના સાચા દિવ્ય સ્વરૂપને ઓળખી, તેઓનો વધુમાં વધુ લાભ લેવા અનુરોધ કર્યો.

શ્રી આશાબહેન ભક્તે પણ પૂ. માની વિદેશયાત્રાના પરિણામે ત્યાં વસતા ભાવિક ભાઈબહેનો અને બાળકોને કેવો સરસ લાભ પહોંચાડયો તેની વાતો કરી. સાથે સાથે પૂ. મા કેવા કડક નિયમો પાળી પોતાની સાધનામાં કેવાં ડૂબેલાં રહેતાં તે પણ જણાવ્યું.

શ્રી નારાયણભાઈ જાની અને શ્રી બાપજીએ પણ પૂ. મા આ રીતે ભારત આવી ગયાં તેની ખુશી વ્યક્ત કરી અને પૂ. માને તેઓની સાધનામાં સહકાર આપવાની ખાત્રી આપી.

ભારતના ઘણા બધા સાધકોની ઉત્કટ પ્રાર્થનાઓના પરિણામે પૂ. મા થોડાં જલ્દી આવી ગયાં એમ પણ જણાવ્યું.

સાધકોના આ બધા વક્તવ્યોના પ્રતિભાવરૂપે પોતાનું લેખિત વક્તવ્ય પૂ. માએ આપ્યું, તેનું વાંચન શ્રી હરિભાઇ ભોજાણીએ કર્યું. તે વક્તવ્ય આ પ્રમાણે હતું.

### પૂ. માની વાત

વીતેલા વર્ષોમાં જરા નજર નાંખીયે તો અમારા જીવનમાં પૂ. શ્રી ગુરુદેવ પ્રભુનું પ્રથમ દર્શન ૧૯૭૦-૭૧ માં થયું. વળી ૧૯૭૨ થી જાહેર શિબિરો શરૂ થઇ ને ગુજરાતના સાધકભક્તોનો પરિચય અમારા જીવનમાં શરૂ થયો. દક્ષિણભારતની યાત્રામાં શ્રી કનેરીયા, શ્રી ભોજાણી, શ્રી કલ્યાણનો વિશેષ પરિચય થયો. સાધક ભક્તોના અનેકરીતે પરિચયો વધતા જ ગયા. આજે એ પવિત્ર પરિચયના સંબંધને તમે સૌ ૨૫ વરસથી સાચવી રહ્યા છો.

એ જ રીતે ૧૯૭૪ થી સૂરતની શિબિરમાં પ્રથમવાર જાહેર-માં ભજનો ગાવાનાં શરૂ થયાં. પૂ. શ્રીનાં સાહિત્યને ભજનોના માધ્યમથી સંસ્પર્શ કરાવી શક્યાં. પૂ. શ્રીનાં પદો અને અંજલિ, અર્ઘ્યનાં પદો પણ ખૂબ ખૂબ ગાયાં. પ્રવચનોમાં પણ ખૂબ ગવાયાં. નવાં નવાં પદો કલાકો સુધી, મહિનાઓ, વરસો સુધી ગાતાં ગાતાં આજે તે પ્રવૃત્તિને પણ ૨૩ વરસ થયાં.

૧૯૭૭ ભરુચ શિબિરથી જાહેર વાર્તાલાપો શરૂ થયા. અને એ જ વરસથી સાધકો ભક્તોના પત્રો પણ શરૂ થયા તો તેના પ્રત્યુત્તરો પણ પૂ. શ્રીની આજ્ઞાથી અપાતા રહ્યા. પ્રવચનો, વાર્તા-લાપની એ પ્રવૃત્તિને પણ ૨૦ વરસ થયાં.

હવે આ બધી જ પ્રવૃત્તિઓમાં ક્યાંયેક તો પૂર્ણવિરામ કે અલ્પવિરામ આવે જ ને !



આટલાં બધાં વરસો પછી ૧૯૯૫ માં પૂ. શ્રીએ વિરામ-ચિહ્નો મૂકવા માટે એક નવી યોજના ધરી. નવી યોજના બે જ શબ્દોની હતી. **મંત્રજપ ને મૌનવ્રત.**

આજકાલ પૂ. શ્રીની આ બે શબ્દોની યોજના સરસ રીતે ચાલી રહી છે.

પેલો જાણીતો શ્લોક છે. મૂકમ્ કરોતિ વાચાલમ્ એને જ પલટાવીને વાંચીએ તો? વાચાલમ્ કરોતિ મૂકમ્।

જેની કૃપાથી મૂંગો વાણી પામે તેની તે જ કૃપાથી વાચાળ મૌની બની જાય છે.

**અનંતનો સ્પર્શ પામનાર મૌન ધારણ કરે. અમારું મન છેલ્લાં બે વરસથી વિસ્તારથી વિરામ તરફ, શાંતિથી પ્રસન્નતાથી યાત્રા કરી રહ્યું છે.**

શાસ્ત્રમાં ૧૩ કરોડ મંત્રજપનો મહિમા વાંચ્યો. પૂ. શ્રીએ જાણે તે મહિમાનો પરિચય પ્રાપ્ત કરવા પૂ. શ્રીએ જ અમારી પાસે ૧૯૯૫ થી વિદેશની ધરતી ઉપર ૨ કરોડ ૧૧ લાખ જપ કરાવ્યા. હજી ૧૧ કરોડ મંત્રજપ બાકી છે. આ મંત્રજપની સાધનામાં મૌનવ્રત ખૂબ સહાયક બને છે. વિદેશની ધરતી ઉપર મૌનસાથે મંત્રજપની સાધનામાં આનંદ આવ્યો. અહીં પણ અમને શ્રદ્ધા છે કે આપ સૌ પણ અમને સહાયક બનીને પડખે ઊભા રહેશો.

મૌન ક્યાં સુધી? અને આટલું બધું લાંબુ કેમ? આ બે પ્રશ્નો સૌના મનમાં છે, પરંતુ હવે તેનું કારણ સમજાયું હશે. મૌન ક્યાં સુધી તેનો જવાબ ફક્ત પૂ. શ્રી પાસેથી જ મળી શકે.

અમને તો આ યોજનામાં ખૂબ આનંદ છે. પ્રસન્નતાથી કામ

ચાલ્યા કરે છે. મૌન રહીને પૂ. શ્રીની ઇચ્છાને વધાવ્યા કરવું એ યજ્ઞકર્મ છે.

સૂર્યનારાયણ કે ચંદ્રનારાયણ, ધરતીમા કે આકાશ, વૃક્ષો કે પર્વતો કે ફૂલોનો ક્યાં કદી ઘોંઘાટ સંભળાય છે? મૌનવ્રત લઇને કર્મ કર્યાં જ કરે છે.

ચાલો, આપણે પણ પ્રકૃતિના એ દૈવી તત્ત્વો પાસેથી પ્રેરક સંદેશો ઝીલીએ.

વિદેશની ધરતી ઉપર મંત્રજાપ સરસ રીતે થયા કરતા હતા. ત્યાં આપણા જીતુભાઇ ગાંધી મળ્યા તેઓ અમને જાણે તમારા સૌના પ્રતિનિધિ બનીને વિનંતિ વારંવાર કરવા લાગ્યા.

"હે મા, બે કરોડ મંત્રજાપ તો થયા. હવે તો ભારત આવો. વિદેશમાં જે સાધના કરો છો તે ત્યાં કરજો. ભારતના ભક્તો તમારી ખૂબ વાટ જુએ છે. અને મા તમે ભારત પધારો તો મૌન છોડજો. દૂર દૂરથી બધા ફક્ત તમને જ સાંભળવા આવે. વળી કેટલાકના ઘરમાં મરણના પ્રસંગો બન્યા છે તો આશ્વાસનના બે શબ્દો કહેવા પણ કૃપા કરી મૌન છોડજો. હે મા, તમારી વાણીથી સૌને ખૂબ આનંદ થશે. અમારી આટલી પ્રાર્થના તો સાંભળજો.

**શ્રી જીતુભાઇની જીત**

શ્રી જીતુભાઇની વાત સાચી જ હતી. તેમાં તમારા સૌના જ અંતરના ભાવ વ્યક્ત થયા હતા ને?

અને છેલ્લા બે વરસમાં અનેક સાધકભક્તોના પત્રો મળ્યા. છેલ્લા છ માસમાં તો પાલનપૂરવાળા શ્રી રેવાશંકર અને મોરબીથી શ્રી કલ્યાણ અને મુંબઇથી ભારતીબેન ચોક્સીના પત્રો મળ્યા. વળી બે વર્ષમાં અતિનિયમિત જે. કે. ના ફોન, સૂરતથી અમારા



સુરેખાબેનના ફોન મળ્યા કરતા હતા. તો વળી દક્ષેશના કાવ્યો પણ વેદનાને જ વાચા આપતાં મળ્યાં.

છેવટે પૂ. શ્રી ગુરુદેવપ્રભુએ સૌના પ્રેમપોકારો સાંભળ્યા, ને વડીલ શ્રી જીતુભાઇની વિનંતિના જવાબમાં શ્રી કંચનબેન તથા શ્રી ભગવાનજીભાઇ સાથે અમે સૌ તા. ૨૩ સપ્ટેમ્બરે કેનેડાથી લંડન થઇ, દિલ્હી થઇ, અમદાવાદની ધરતીના દર્શન કરી શક્યાં. અમારું પ્લેન રાતે ૨–૪૦ એ અમદાવાદ આવ્યું. એરપોર્ટથી સીધા લગભગ સાડાત્રણ વાગ્યે પ્રભાતે અમે સૌ સત્યપથ ગયાં ત્યાં ૧૧ પ્રણામ કરીને સીધા વડોદરા આવી ગયાં.

શ્રી જીતુભાઇની જ ઇચ્છા હતી કે મા સૌને મળે તેથી આ કાર્યક્રમ ગોઠવાયો. તમે સૌ વિવિધ કલ્પના ને વિવિધ આશાથી માની વાણી સાંભળવાની પણ ગણત્રી સાથે પધાર્યાં હશો.

કેટલા બધા નવા નવા સાધક ભક્તો પધાર્યાં છે? તમને સૌને હોલમાં બેઠેલા જોઇને આનંદ થાય છે. વ્યક્તિગત રીતે તો મળવાનું શક્ય નથી. તો અહીં બેઠાં બેઠાં જ દૃષ્ટિપાતના માધ્યમથી જાણે તમને સૌને અમે મળી લીધું છે. તમારા સૌનો ભક્તિભાવ, પ્રેમભાવનો અમે સ્વીકાર કર્યો છે.

પધારેલા સૌ સાધકભક્તો અને જે નથી આવી શક્યા તે સૌ ભક્તો ઉપર, પૂ. શ્રીના ખૂબ ખૂબ આશીર્વાદ ઊતરો.

જેમણે જેમણે વિદાય લીધી છે તે સૌને પરમ શાંતિની પ્રાપ્તિ થાઓ.

અમારી આટલી બધી વિગતવાર સ્પષ્ટતાથી અમારી સાધનાને સમજવાની તમને સૌને સરળતા થઇ હશે.

સાધનાની આ યોજના પૂ. શ્રી ગુરુદેવપ્રભુની છે. આપ સૌનાં

સહયોગની અપેક્ષા છે. અમારા પ્રયત્નોમાં આપ સમજપૂર્વક શુભેચ્છા ધરશો તો પ્રસન્નતાથી યોજના પાર પડશે.

વળી તમારા જાહેર કાર્યક્રમો ભલે તમે ઉજવો, **પરંતુ એમાં માની હાજરીનો હઠાગ્રહ કૃપા કરી ના કરશો.** પૂ. શ્રીની ઇચ્છા ને પ્રેરણા મુજબ જ અમારું જીવન ચાલી રહેલું છે, ને ચાલશે.

સૌનું સર્વપ્રકારે મંગલ થાઓ. સૌની આધ્યાત્મિક પ્રગતિ થતી રહો. સૌ ઉપર આશીર્વાદ વરસતા રહો એવી પ્રાર્થના. ૐ યોગેશ્વરાય નમઃ

**સંદેશો**

પરમ પૂજ્ય શ્રી ગુરુદેવપ્રભુની પરમકૃપાથી આપ સૌ અહીં પધાર્યાં. આભાર. અભિનંદન.

બે વરસ પછી પ્રત્યક્ષ મળવાનું થયું, આનંદ. પૂ. શ્રીની મંગલ યોજના મુજબ જ અમે વિદેશની ધરતી ઉપર બે વર્ષ પહેલાં પહોંચી ગયાં. ત્યાં પહોંચીને બીજે જ દિવસે બપોરે અચાનક મંત્રજપના અનુષ્ઠાનનો અને સાથે સાથે મૌનનો સંકલ્પ જાગ્યો, અને પ્રભુની કૃપાથી ધારેલા મંત્રજપ થયા. મૌનનો પણ સરસ ને સફળ પ્રયોગ થઇ શક્યો.

જીવનના દરેક શુભ સંકલ્પો પૂ. શ્રીનો કૃપાપ્રસાદ છે. તેને પ્રસન્નતાથી સ્વીકારવાની સાધના આજ સુધી ચાલુ રહી છે.

વળી છેલ્લા બે વર્ષમાં ૧૮ માર્ચ, ગુરુપૂર્ણિમા, ૧૫ ઓગષ્ટ, ૧૩ નવે. આ ચાર મંગલ પ્રસંગે એકાંત મૌન લઇને એક દિવસમાં એક લાખ મંત્રજપ કરવાનો સંકલ્પ પણ પૂ. શ્રીએ જ પાર ઉતાર્યો. હવે પછીના આ ચાર મહત્ત્વના પ્રસંગો એ જ રીતે એકાંતમૌનમાં રહી એક લાખ મંત્રજપ કરીને પૂ. શ્રીના શ્રી



ચરણે ધરવાનો, ઉત્સવ ઉજવવાનો અમારો પ્રયોગ હશે, એની સૌ નોંધ લે.

અમે જેમ મંત્રજપના પ્રયોગ કર્યા છે. તેમ તમારામાંથી ઘણાં બધાએ મંત્રજપના નિયમો લીધા છે. મુંબઇવાળા જ્યોત્સ્નાબેન ત્રિવેદીએ માના દર્શન ના થાય ત્યાં સુધી ફળદૂધ ઉપર રહીને પ્રયોગ કર્યો છે. તે સૌને ખૂબ ખૂબ અભિનંદન.

ટ્રસ્ટ કે અધ્યાત્મ કે વિશ્રામગૃહ પૂ. શ્રીની દરેક પ્રવૃત્તિ પણ સૌના સહકાર ને સેવાથી ચાલી રહી છે. સૌ ભક્તસેવકોને શ્રી બાબુભાઇ, શ્રી નારણભાઇ, શ્રી બાલુભાઇ તથા જે જે વિશ્રામગૃહ સંભાળે છે. તે તે સૌ ઉપર પૂ. શ્રીના વિશેષ આશીર્વાદ વરસો એવી પ્રાર્થના છે.

એક વિશેષ વિનંતિ છે કે હવે પછી જ્યારે પણ મળીએ ત્યારે ફૂલહારના ખોટા ખર્ચ ના કરવા અમારી નમ્ર પ્રાર્થના છે.

અમારા નવા નિયમોમાં આપ સૌ સમજીને સહાયક થાઓ.

અમને પણ સૌને પ્રત્યક્ષ મળ્યાનો આનંદ થયો છે. સૌનું સર્વપ્રકારે મંગલ થાઓ. સૌનું સર્વપ્રકારે કલ્યાણ થાઓ. સૌનું સર્વપ્રકારે સુખમય જીવન બનો.

આશીર્વાદ પ્રભુના સર્વશુભેચ્છા —મા.

કાર્યક્રમના અંતે પૂ. ગુરુદેવ અને પૂ. માનું આરતીથી અભિવાદન શ્રી ભરતભાઇ ગાંધીના પત્નીએ કર્યું હતું. તે પછી સાધકોએ લાઇનબંધ ઊભા થઇને એક પછી એક પૂ. માને પ્રણામ કર્યાં. સાધકોની લાઇન એટલી લાંબી હતી કે પૂ. માને સહુના વ્યક્તિગત ભાવોને ઝીલતાં બે કલાકથી પણ વધારે સમય ધીરજપૂર્વક બેસવું પડયું. દૂર દૂરથી આવેલ સાધકોને સંતોષ થાય તે માટે પૂ. માએ—કાર્યક્રમની સમાપ્તિ પછી આ કષ્ટ ઊઠાવ્યું હતું.

સમારંભમાં આવનાર સહુ સાધક ભાઈબહેનો માટે મિષ્ટાન્ન ભોજનનો સરસ પ્રબંધ શ્રી જીનુભાઈ ગાંધી તરફથી કરવામાં આવ્યો હતો. પૂ. માની કૃપાથી જ આ સઘળો કાર્યક્રમ બહુ સરસ રીતે સંપન્ન થયો હતો.

પૂ. માનું દર્શન કરતાં સહુને લાગતું હતું કે પૂ. માનું શરીર વધારે કૃશ થયું છે, કિન્તુ તેની કોઈ અસર પૂ. માના વ્યવહારમાં ક્યાંય જણાતી ન હતી.

પૂ. માનું સરસ—નજીકથી દર્શન પામીને સાધકોએ ખૂબ પ્રસન્નતા અનુભવી. સહુને પરિશ્રમ સફળ થયો લાગ્યો.

O

શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

ગ્રીલ, દરવાજા, તેમજ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ

તેમજ

દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત—૩૯૫ ૦૦૭

ફોન : ૬૬૮૨૩૧



## * મન—મૃગને *

મન—મૃગ! ક્યાં શોધે કસ્તૂરી?
નિજની નાભિમાં, વન દોડે:
મૃગયા વ્યર્થ અધૂરી! મન—મૃગ!

અંતર ઝળહળ જ્યોત જલત હે
નયન ન નિરખે પૂરી. મન—મૃગ!

દૂર દૂર દૃષ્ટિ દોડાવે
વ્યર્થ લહી મગરૂબી! મન—મૃગ!

ચાંદા—સૂરજ—તારક આભે
વલખે, અંતર નૂરી? મન—મૃગ!

દેવનું દેવળ દેહ, દેહી—દીપ:
મૃગયા સાર્થક શૂરી. મન—મૃગ!
નિજની નાભિમાં કસ્તૂરી:
મૃગયા વ્યર્થ અધૂરી
મન—મૃગ! ક્યાં શોધે કસ્તૂરી?

— ડૉ. રણજિત પટેલ (અનામી)

# યાત્રા-પરમની સંગાથે

સુરેશ શાહ, કેનેડા

તા. ૧ મે ૧૯૯૭, શોની, લીટલરોક, મેમ્ફીસ.

આજે શોનીમાં ત્રીજો દિવસ છે. પૂ. માની આજ્ઞા પ્રમાણે સૌ પ્રાતઃકાલ ૬–૦૦ વાગે યજમાનના નિવાસસ્થાને સ્નાનાદિ નિત્યક્રમથી પરવારી આવી જાય છે. પૂ. મા પણ ૧૫૦ પ્રણામ કરી વ્યાસપીઠ ઉપર વિરાજે છે. યજમાન પરિવાર પૂ. માનું આરતીથી અભિવાદન કરે છે.

શ્રી પરમાર્થી સાખી ગાય છે,

"કીડી ચાવલ લે ચલી, બીચમેં મીલ ગઈ દાર,
કહે કબીર દોનો ના મીલે, એક લે દૂજી ડાર."

જેનો અર્થ થાય છે કે જીવમાત્ર કીડી જેવો છે. કીડીનું મુખ નાનું છે જેથી તે ચોખાનો દાણો અને દાળનો દાણો સાથે મોમાં લઈ શકે નહીં, પરિણામે એક લેવા માટે બીજાનો ત્યાગ કરવો પડે છે. જીવનમાં પણ દરેક જીવે પવિત્ર મનાતી ભક્તિ અને નામસ્મરણ પામવા માટે સંસારના વિષયોમાંથી મનને વાળવું પડે છે. અહીં ભક્તિ અને નામસ્મરણને ચોખાના દાણા સાથે સરખાવવામાં આવ્યા છે. જ્યારે વિષયોને દાળના દાણા સાથે સરખાવાયા છે, ચોખાનો સફેદ દાણો પવિત્રતાનો સૂચક છે જ્યારે દાળનો સંગીન દાણો મોહમાયાનો સૂચક છે.

આજે વિદાયનો દિવસ છે. પૂ. માને વિદાય આપતાં સૌને દુઃખ થાય છે. ભારે હૈયે સૌ પ્રેમનીતરતી આંખે પૂ. માને વિદાય



આપે છે. પ્રણામ કરીએ. વિદાય લેતા પહેલાં. પૂ. મા પાસેથી સહુ ફળનો પ્રસાદ પ્રાપ્ત કરે છે.

સવારે ૬–૪૦ વાગે સૌ આડા જવા મોટરમાર્ગે રવાના થાય છે. શ્રી પરમાર્થીનાં પુત્રી કલ્પનાને ઘેર જવાનું છે. લગભગ ૭૦ માઈલનો પ્રવાસ કલાકમાં થાય છે. સીલ્વર સુપર મોટેલ ઉપર આતુરતાથી રાહ જોતા યજમાન પૂ. માનું પુષ્પથી સ્વાગત કરે છે. શ્રીમતિ દૂધીબેન બહુ જ ભાવથી ભજનો ગાય છે. પૂ. મા ભજનના ભાવમાં મસ્ત બની તાલ આપતાં દૃષ્ટિગોચર થાય છે. એકાદ ભજનનો શબ્દદેહ નીચે પ્રમાણે છે.

હરિ મારા હૈયામાં રહેજો,
ભૂલું ત્યાં ટોકતાં રહેજો.
મા–મારા હૈયામાં રહેજો,
ભૂલું ત્યાં ટોકતાં રહેજો.
ખોટા વિચારો મારા છોડાવી,
રાખજો સારાની માંહ્ય.
બીજાની નાની ભૂલો હોય તે,
ડુંગર જેવી દેખાય.
ડુંગર જેવી મારી ભૂલો,
નજરે ના જોવાય...
હરિ મારા હૈયામાં રહેજો.

પૂ. મા ભજનના અંતે જણાવે છે કે, જાણે સૌના મનના ભાવો આ ભજનમાં અંકિત થયા છે. પૂ. મા વ્યાસપીઠ ઉપર ધ્યાનથી, એકાગ્રતા અને પ્રસન્નતાથી બેઠેલાં જણાય છે. મંત્ર-જપની ક્રિયા સતત ચાલે છે. અંતરમુખ થએલાં પૂ. માના દર્શન સાથે,

* પૂ. માના અધરોની અભીપ્સા, * ચહેરાની દીપ્તિ, * નયનોની મસ્તી, * કાયાની કાંતિ અને, * હૃદયની સંવેદનશીલતા-નાં દર્શન પણ સૌને થાય છે.

આડામાં પૂ. મા એક યુવાન સાધક, કે જેણે ફક્ત બે જ દિવસથી પૂ. માનો પરિચય સાંભળ્યો છે અને પૂ. મા પ્રતિ આકર્ષણ પામ્યો છે. તેને, પૂ. માના દર્શન શોનીમાં કર્યા પછી, પોતે લખેલું ભજન ગાવા કહે છે. ભજન સાંભળ્યા પછી પૂ. મા, એ યુવાન કાંઇ આપે તેમ જણાવે છે. યુવાન સાધક ગભરાય છે કે પૂ. મા મારી પાસે મોટેલ કે પૈસા માગશે તો? પૂ. મા તેના ભાવો વાંચી કહે છે અમને તમારી અશુદ્ધિઓમાંથી એક આપો. યુવાન પોતે માંસાહારી છે તેનો એકરાર કરે છે અને તે છોડવા વિચાર કરવા જણાવે છે. પૂ. માએ છેલ્લા પચ્ચીસ વર્ષમાં ઘણા જીવોને માર્ગદર્શન આપી પોતાના સાન્નિધ્યથી સન્માર્ગે દોર્યાની વાત કરે છે. બધાં જ વાર્તાલાપ પૂ. મા સ્લેટ ઉપર લખીને કરે છે. જુગાર, ચોરી, માંસાહાર, મદ્યપાન, સીગારેટ વગેરે બદીઓના બંદીઓનો તેમાં સમાવેશ થાય છે, તે સૌ આજે સાચા ગૃહસ્થી, આદર્શબાળક કે સહૃદયી ભક્ત બન્યા છે. અને પૂ. માના અંકે આનંદથી રમે છે. પૂ. માના આ અથાગ પરિશ્રમ અને મન, અંતર વાંચવાની શક્તિને બીરદાવ્યા વગર કેમ રહી શકાય?

આડાથી ૧૦–૦૦ વાગે અલ્પાહાર લઇ પ્રસ્થાન થાય છે. બે કલાકથી પણ વધુ સમયના પ્રવાસ પછી લગભગ ૧૨–૩૦ વાગે ફોર્થસ્મીથ સૌ આવે છે. પૂ. મા ૪–૩૦ વાગે ફોર્થસ્મીથથી નીકળી લીટલરોક થઇ મેમ્ફીસ શ્રી ગુલાબબેન અને શ્રી લક્ષુભાઇને યજમાન બનાવે છે. રાત્રે ૯–૩૫ વાગે નવ કલાકની મુસાફરી છતાં મોટરમાંથી ઉતરી એક કલાક સત્સંગ કરાવે છે. પૂ. માનું



આરતી પુષ્પ અને તિલકથી સ્વાગત થાય છે. સૌ સાધકોનો પણ પુષ્પ અને તિલકથી સત્કાર થાય છે.

શ્રી પરમાર્થી સાખી ગાય છે. કબીર સાહેબ સાચં બોધ આપતા જણાય છે.

વાદ વિવાદે વિષ ઘના, બોલે બહુત ઉપાધિ,
મૌનગ્રહી સબકી સુને, જપે નામ અગાધિ"

અર્થાત્ વાદ, વિવાદ જીવનમાં ઝેરીલું વાતાવરણ સર્જે છે, તેનો અનુભવ સર્વને થાય છે. પરમાત્માના વિરાટ સ્વરૂપને, મૌન ગ્રહણ કરી, સૌનું સાંભળી, અહર્નિશ જપે છે, સ્મરે છે, અંતરમાં ધારણ કરે છે તે જ સાચા સંત છે. પૂ. માનું જીવન પણ આવું જ છે. એવા પોતાના ભાવો વર્ણવી, તેઓ વિરમે છે. "વંદન કરું પ્રભુચરણોમાં આજે" અને "આ અન્ન બ્રહ્મરૂપ છે." પ્રાર્થના-ઓ થાય છે. સૌ ભોજન લઇ રાત્રે ૧૧–૦૦ વાગે આરામ કરે છે.

આજનો આડાથી મેમ્ફીસ સુધીનો મોટર પ્રવાસ આમ નવ કલાકની યાત્રાથી પૂરો થાય છે.

**તા. ૨ મે, ૧૯૯૭, શુક્રવાર, મેમ્ફીસ.**

યાત્રાના પરિશ્રમથી થાકેલાં મા આજે સૌ પ્રથમ બેઠકમાં સવારે ૧૦–૦૦ વાગે આવે છે. પૂ. મા તરફથી આદેશ થાય છે કે આજે પ્રાણ જવાની તૈયારીમાં લાગે ત્યાં સુધી ભજન કરો અને પછી જ ભોજન કરજો.

સંતનું પરમ સાન્નિધ્ય એ દિવ્યદર્શન સૌને સંસાર ભૂલાવે છે. પૂ. મા જાણે કે પરમપિતા પરમાત્માનાં શાંતિદૂત થઇને આવ્યાં હોય તેમ જણાય છે. શોક, અંધકાર, હતાશા, નિરાશા, શંકા, દ્વેષ અને ધિક્કાર પૂ. માના સત્સંગ અને સાન્નિધ્યથી વિલીન થઇ જાય છે.

પૂ. શ્રી અને પૂ. માની બાવની, મંત્રોચ્ચાર, ધૂન, ભજન, હિમાલયના પત્રોનું વાંચન, પ્રથમ બેઠકમાં સમાવાય છે, આજના સત્સંગમાં આટલાંટા અને જોર્જીઆના સત્સંગીઓ પણ જોડાય છે.

હિમાલયના પત્ર ૧૨૭ "સાધન–ભજનનો આનંદ"–નો શ્રી પરમાર્થી સૌને અર્થ સમજાવતાં કહે છે કે, માનવશરીર ગમે ત્યારે મળતું નથી. તેનો સદ્ઉપયોગ સાધન–ભજનમાં કરવાનો છે. ઈશ્વરની પ્રાપ્તિ અને મુક્તિ તે જ તેના લક્ષ્ય હોવાં જોઈએ. સદ્ગ્રંથોનું વારંવાર વાંચન કરવું જોઈએ.

માણસ મનથી દોરાઈ જાય છે, ઈચ્છાઓ અને વાસનાઓ તેનાં કારણ છે. ભક્તિ અને શ્રદ્ધાના બે કિનારા વચ્ચે જ આધ્યાત્મિકતાની સરિતા વહે છે. કિનારા ના હોય તો વિનાશકતા વેરાય છે.

કબીરસાહેબની પ્રચલિત સાખીનું ઉચ્ચારણ થાય છે.

દુઃખમે સુમિરન સૌ કરે, સુખમેં કરે ન કોય,
જો સુખમેં સુમિરન કરે તો, દુઃખ કાહેકો હોય?"

અર્થાત્, દુઃખમાં, મુશ્કેલીમાં વિટંબણાઓમાં સૌ પરમાત્માને ભજે છે, પ્રાર્થે છે, સુખ મળતાં જ પ્રભુસ્મરણ વિસરાઈ જાય છે, પણ જો સુખમાં પણ નામસ્મરણ થાય તો દુઃખ જીવનમાં આવતું જ નથી. માટે સૌએ સુખ કે દુઃખમાં નામસ્મરણ કરવું જોઈએ. નવા સાધકોને પૂ. શ્રી અને પૂ. માના આધ્યાત્મિક જીવનનો ટૂંકો પરિચય આપવામાં આવે છે. ૧–૦૦ વાગે સૌ અલ્પાહાર લે છે. બપોરે ૪–૦ થી ૫–૦૦ બીજી બેઠક યોજાય છે.

મંત્રોચ્ચાર, મંત્રગાન, ધ્યાન અને હિમાલયના પત્રોનું વાંચન



આ ટૂંકી બેઠકમાં થાય છે. પત્રોની સમીક્ષા કરતાં શ્રી પરમાર્થી જણાવે છે કે,

તરુવર, વૃક્ષ, સૌને છાંયડો આપે છે, ફળ આપે છે અને વિશ્રામ આપે છે.

સરોવર–સૌને પાણી આપે છે, પશુ, પંખી સૌને કોઈ ભેદ-ભાવ વગર.

વરસાદ–પથ્થર, જમીન, રણ બધે જ એકસરખો વરસે છે.

સંતો પણ સૌના હિત માટે, ફળની ઈચ્છા રાખ્યા વગર સંસારમાં વિચરે છે અને જગકલ્યાણ અને જનકલ્યાણમાં પોતાની શક્તિઓ વાપરે છે.

સંતો તરફથી મળતો પ્રસાદ, સંકલ્પશક્તિ ધરાવતો હોય છે માટે તે પ્રસાદ જેને આપવામાં આવ્યો હોય, તેમણે પોતે જ લેવાતો હોય છે. તેમ તેઓ પૂ. શ્રીની વાત અહીં રજૂ કરે છે.

રાત્રે ૮–૦૦ થી ૧૦–૪૫ ત્રીજી બેઠક યોજાય છે.

શોનીના યજમાન આ બેઠકમાં જોડાય છે. તેમાં નવા યુવાન સાધક કે જેમને બે જ દિવસનો પૂ. માનો પરિચય છે તે પણ આવે છે.

મંત્રોચ્ચાર, મંત્રગાન, ભજન ગવાય છે. પૂ. મા બેઠકમાં પધારે છે. નવયુવાન સાધકના ભજનને પૂ. મા નવું સ્વરૂપ આપે છે. રંજનબેન તે ગાઈ સંભળાવે છે. જૂના ભજન અને નવા ભજનનો તુલનાત્મક અભ્યાસ થાય છે. પૂ. મા બેસૂરા ભજનને ભાવમય બનાવે છે અને નવો ઢાળ આપે છે જે સાંભળવામાં સુમધુર લાગે છે. સંતો જીવનની અશુદ્ધિઓ દૂર કરી બેસૂરા

જીવનમાં સૂરતા પ્રકટાવે છે. તે આ વાતથી સૌને સમજાય છે. યુવાનના હૈયાનું પરિવર્તન કરવા પૂ. મા કૃતનિશ્ચયી જણાય છે. સાધક પણ પ્રાર્થના કરે છે કે તેનું શુદ્ધિકરણ થાય. જીવનમાં હોળીને બદલે દિવાળી પ્રકટાવવા નવયુવાનને પ્રેરણા આપે છે.

શ્રી સુરેશ શાહ, પૂ. માની આજ્ઞાથી, પ્રાર્થના, પ્રાર્થનાનું મહત્ત્વ, પ્રાર્થનાના ફાયદા અને પ્રાર્થના ખંડમાં ચર્ચાએલી વિગતોનું અંગ્રેજીમાં વર્ણન કરે છે.

શ્રી પરમાર્થી કબીરસાહેબની સાખી ગાય છે–

"મન હમારા મંત્ર હૈ, હમસા હો સો લેય,
શબ્દ હમારા કલ્પતરું, જો ચાહે ઓ દેય."

અર્થાત્, શ્રી કબીર સાહેબ જણાવે છે કે, અમારા અભિપ્રાય પ્રમાણે જે જીવ અમારા જેવો નિર્લેપ બને છે તેમનો શબ્દમાત્ર કલ્પતરુ બની જાય છે અને જે ઇચ્છા થાય તે ફળ તે દ્વારા મળે છે. પૂ. માના જીવન સાથે આ સાખીને સરખાવતાં, શ્રી પરમાર્થી જણાવે છે કે, પૂ. માનો શબ્દ, કલ્પતરુ છે પૂ. માનો ત્યાગ સમ્યક્ પ્રકારનો છે માટે તે સાચો સંન્યાસ છે.

માટે તો ગાયું છે–

સાક્ષર તેમ નિરક્ષર સર્વ, મનાવતા દર્શનથી પર્વ.

અઢી કલાકની આ બેઠક પૂ. માના દર્શનથી અને સાન્નિધ્યથી સૌ માટે પ્રેરણાદાયી બની જાય છે. વંદન કરું પ્રભુ ચરણોમાં આજે, કોટિ પ્રણામ કરું પ્રેમે રે! પ્રાર્થના સાથે સૌ આરામ માટે જાય છે. સમય છે રાત્રિના ૧૦–૪૫

આવતી કાલે મેમ્ફીસના શ્રી સુભાષભાઇને ઘેર બપોરે ૨–૦૦ થી ૪–૦૦ સત્સંગની જાહેરાત પૂ. મા કરે છે.



પૂ. માને પ્રાર્થના કરવાનું મન થાય છે કે,

મા,

અમારા દુર્ગુણોને દૂર કર, મનમાં શાંતિ ધર, આત્માને આનંદથી ભરી તારા ચરણોમાં ધન્યતા અનુભવીએ તેવી સદ્‌બુદ્ધિ આપ.

(ક્રમશઃ)

**સુવાક્ય**

બધો વખત ઈશ્વરનો જ વિચાર કરો, કારણ કે તે જ અંતરને પવિત્ર અને શુદ્ધ બનાવે છે.

રામકૃષ્ણ પરમહંસ

ઓ. : ૨૨૩૫૯૮ ફે. : ૩૬૨૪૩૭
૨૩૪૦૧૬ ઘ. : ૪૪૧૪૩૧

ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
–: બનાવનાર :–
કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ
ઢેબર રોડ, રાજકોટ–૩૬૦૦૦૨

# નવાં તીર્થોની યાત્રા

યાત્રી

સત્યપથમાં આ વખતે એક નવું દૃશ્ય જોવા મળ્યું. તા. ૧૯-૧૦-૯૭ નો એ દિવસ હતો. સુરતના ૬૦ જેટલા સાધક ભાઇબહેનો સત્યપથના દર્શને આવ્યાં. તેમાંના મોટાભાગનાં ભાઇબહેનોએ સત્યપથના પૂ. યોગેશ્વરજીના આ તીર્થનાં પહેલી જ વાર દર્શન કર્યાં. તેની પ્રસન્નતા તેઓના મુખ ઉપર જણાતી હતી.

છેલ્લા બે વર્ષોથી તેઓ આવી યાત્રા ગોઠવવા વિચારી રહ્યા હતા, પરંતુ પૂ. મા સર્વેશ્વરી આ વર્ષે ભારત પધાર્યાં અને અમદાવાદ હતાં તે દિવસે જ પૂ. માની સંનિધિમાં તેઓની આ યાત્રા પૂરી થઇ, તે દૈવયોગ જ લેખાય. તેથી તેઓ સૌ ખૂબ ખુશ હતા.

શ્રી કલ્યાણે પૂ. મા કેવાં દૈવીશક્તિસંપન્ન સંત છે, તેની વિગતે છણાવટ કરી પૂ. માના સાચા સ્વરૂપને ઓળખી, તેનો લાભ લેવા અનુરોધ કર્યો.

શ્રી નારાયણભાઇ જાનીએ, સંતરામમંદિર, સરોડા, અને સત્યપથની તેઓની યાત્રા ભાવનાને બીરદાવી. તેઓની આ નવી પ્રણાલિ બીજાઓને પ્રેરણારૂપ બનશે, તેમ કહ્યું. પૂ. માનો મહિમા જાણી તેનો લાભ લેવા સાધકોને જણાવ્યું.

શ્રી વિજયભાઇ પંડિતે પણ તેઓને પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજી તેમ જ પૂ. મા સર્વેશ્વરી જેવા સાચા સંતોને ઓળખી, તેઓનું શ્રદ્ધાપૂર્વક શરણ લઇ, પ્રભુપંથે આગળ વધવા અનુરોધ કર્યો હતો.



પૂ. માએ આવેલ સાધકોનું વ્યક્તિગત અભિવાદન ઝીલી. સૌનું પૂ. શ્રી યોગેશ્વરજીને પ્રિય એવી આઇસક્રીમની પ્રસાદી ધરી, સ્વાગત કર્યું હતું.

આ સાધકોએ પૂ. શ્રીના જન્મસ્થાન સરોડામાં સત્સંગ પ્રયોજ્યો હતો. સરોડાના સ્થાનિક ભાઇઓ પણ તેમાં જોડાયા. પૂ. શ્રી ના ગામમાં જ તેઓની મહત્તા વિષે પ્રવર્તતી અજ્ઞાનતા દૂર કરવામાં આ સાધકોએ સારો ભાગ ભજવ્યો. ત્યાં જ સરસ મિષ્ટાન્ન ભોજનનો રસાસ્વાદ માણીને સંતોષ અનુભવ્યો. પૂ શ્રીના ભક્ત શ્રી નારાયણભાઇ ભરવાડ અને તેમના પુત્રોએ એમાં સારી સહાય કરી.

ઘણા બધા સાધકોએ પૂ. શ્રીની જન્મભૂમિ સરોડાનાં પહેલીવાર દર્શન કરી, ધન્યતા અનુભવી. પહેલાં તેઓએ પોતાની યાત્રાનો પ્રારંભ સુરતના પૂ. મોટાના મૌનમંદિરની મુલાકાતથી કરી. અહીં વર્ષો પહેલાં પૂ. મા શ્રી સર્વેશ્વરીએ ઘણી વખત મૌનમાં બેસી સાધના કરી છે. કહો કે તેઓની સાધનાનો પાયો કંઇક અંશે આ મૌનમંદિરના નિવાસ દરમ્યાન નંખાયો છે.

યાત્રાનું બીજું સ્થળ નડિયાદનું સંતરામ મંદિર. અહીં પૂ. માતાજી જ્યોતિર્મયી સાથે પૂ. યોગેશ્વરજીએ કેટલોક વખત નિવાસ કરેલો. આ સ્થાન પણ એક ચેતનાસભર જીવંત તીર્થ લાગે છે.

# સર્વેશ્વરીતીર્થનો પાટોત્સવ

## ૨૮, નવેમ્બર, '૯૭

દર વર્ષની જેમ આ વર્ષે પણ જે. કે. માવાણી પરિવાર તરફથી સર્વેશ્વરી તીર્થનો ત્રીજો પાટોત્સવ આગામી ૨૮ નવેમ્બર, ૧૯૯૭ ના દિવસે ઉજવવામાં આવનાર છે, તો સર્વે સાધક ભાઈબેનોને તેમાં ભાગ લેવા હાર્દિક નિમંત્રણ શ્રી જે. કે. માવાણી પરિવાર તરફથી પાઠવવામાં આવશે.

કાર્યક્રમમાં પૂ. મા–પ્રભુની બાવનીઓ, ભજનો, ધૂનો ઉપરાંત પૂ. મા તેમ જ પ્રભુ યોગેશ્વરજીની વિડિયો કેસેટો તેમ જ મા–પ્રભુના પ્રેમી ભક્તો જેવા કે શ્રી પંડિતજી શ્રી કલ્યાણ તથા અન્ય વક્તાઓના વાર્તાલાપોનો સમાવેશ થશે. જ્યારે સવારે સૌ પ્રથમ પૂ. મા–પ્રભુના સ્વરૂપોનું શાસ્ત્રોક્તવિધિથી પૂજન શ્રી પંડિતજી કરાવશે. તેમાં ઉપસ્થિત સાધકો ભાગ લઈ શકશે.

બપોરે ભોજન પછી કાર્યક્રમ પૂરો થશે.

આગલા દિવસે આવનાર સાધકો માટે ઉતારા તેમ જ સાંજના ભોજનની વ્યવસ્થા પણ નિમંત્રકો તરફથી કરવામાં આવશે. રાત્રિ સત્સંગનો કાર્યક્રમ પ્રયોજાશે.

કાર્યક્રમનું સ્થળ : મા આશીર્વાદ, એમ.–૩૨, નીલકંઠ પાર્ક, દેવપરા શાળા નં. ૬૩ ની પાછળ, આનંદનગર, રાજકોટ–૨ છે.

પૂ. મા સર્વેશ્વરી ભારત આવી ગયાં છે, કિન્તુ જાહેર કાર્યક્રમોમાં ઉપસ્થિત નહિ રહેવાની ઇચ્છાને લીધે આ કાર્યક્રમમાં હાજર રહેવાની અનિચ્છા દર્શાવી છે.



# પ્રેતાત્મા બોલે છે

સ્વામી કૃષ્ણાનંદ

વિચારશીલ વૈજ્ઞાનિકો હવે તો અદૃશ્ય સત્ત્વોનું અસ્તિત્વ સ્વીકારતા થઈ ગયા છે. પ્રેતાત્મા એટલે અશરીરી સત્ત્વ કે જે આપણી પૃથ્વીના દેશકાળના કાયદાઓને તાબે હોતું નથી, તેમનાથી પર હોય છે. તેમનું બંધારણ આપણા બંધારણથી જુદું હોય છે. તેથી આપણે ખાસ સ્થિતિમાં હોઈએ ત્યારે જ આપણે તેમની સાથે સંબંધ બાંધી શકીએ છીએ અને વ્યવહાર કરી શકીએ છીએ.

મારે એક પ્રેતાત્મા સાથે જે પ્રસંગ પડ્યો અને સંબંધ સાંપડ્યો તેનું વર્ણન અત્રે આપું છું. મને માનસ શરીર–શાસ્ત્રોનું બરાબર જ્ઞાન નથી. તેથી હું તે પ્રસંગને વધારે સ્પષ્ટ રીતે રજૂ કરી શકતો નથી, અથવા તો મેં જે સત્ત્વ નજરોનજર નિહાળ્યું અને તેની સાથે જે વાતો કરી તે અલૌકિક–વિચિત્ર દૃશ્ય પર મન મૂકીને ટીકા કરી શકતો નથી.

જ્યારે હું મહારાષ્ટ્રમાં પર્યટન કરી રહ્યો હતો, ત્યારે એક વખત સોલાપુર પાસેના એક ગામડામાં મારે રહેવાનું બન્યું. એક રાતે એક ખેડૂત મને તેના ખેતરમાં લઈ ગયો, ત્યાં ગોળ બનાવવા માટે શેરડી પીલાતી હતી. તેવે પ્રસંગે ખેડૂતો પોતાનાં સગાંને અને મિત્રોને મિજબાની માટે બોલાવે તેવો રિવાજ છે. તે ખેતર ગામથી ઠીકઠીક દૂર હતું એટલે મારે, ત્યાં રાત ગાળવી તેવું નક્કી થયું. ત્યાં મારો સત્કાર કરવામાં આવ્યો. પણ તે ખેતરમાં મોટરથી ચાલતું શેરડી પીલવાનું યંત્ર બહુ અવાજ કરતું હતું. એટલે મને

ત્યાં ઊંઘ આવે તે શક્ય ન હતું, એટલે મારા યજમાન ખેડૂતની મંજૂરીથી હું આશરે અડધો માઈલ દૂર આવેલા એક બીજા ખેતરમાં સૂવા ગયો. ત્યાં એક અનુકૂલ જગ્યાએ પથારી પાથરી અને સૂઈ ગયો.

મારી ટેવ પ્રમાણે હું સવારે વહેલો ત્રણ વાગે ઊઠી ગયો. મારા નિયમ પ્રમાણે હું ધ્યાનમાં બેસવાની તૈયારી કરતો હતો, એટલામાં તો કોઈ વિચિત્ર સત્ત્વની હાજરી મારી આસપાસ વીંટળાઈ વળતી હતી, તેનું મને ભાન થયું. મેં ઊંચું જોયું. મારી સન્મુખ મેં એક રૂપેરી રેખાઓવાળી માનવ આકૃતિ જોઈ, તે મારાથી દશ ફૂટ દૂર હતી. તે જમીનથી આશરે ૩ ફૂટ અદ્ધર હતી. તેને કોઈ ટેકો કે આધાર ન હતાં.

મારા વિશાળ પર્યટનમાં હું ઘણીવાર આવાં મૂર્તિકરણોને—સત્ત્વોને મળ્યો હતો. પણ નજરોનજર તેને મળવાનો આ પહેલો પ્રસંગ હતો. સાચું પૂછો તો મને આવો અનુભવ થાય તે માટે હું ઝંખતો હતો. આનંદ અને કુતૂહલ ભરી મુખમુદ્રા સાથે મેં ત્રાંસી નજરે તે આકૃતિ ઉપર દૃષ્ટિ ઠેરવી. તે શું પ્રતિકાર્ય કરે છે તેની રાહ જોતો હું બેઠો.

પ્રેતાત્માએ મને કહ્યું, 'મિત્ર, સુપ્રભાતમ્—તમને હું સુંદર સવાર ઇચ્છું છું,' મેં પણ જવાબમાં તેને સુંદર સવાર ઇચ્છી. પછી હું તેની સાથે વાતે વળગ્યો. તે અસ્ખલિત અંગ્રેજીમાં બોલતો હતો. તેનો અવાજ કઠોર, મર્દનો હોય તેવો હતો. અમારો વાર્તાલાબ દોઢેક કલાક ચાલ્યો. મારા વાચકોને તેમના આ બાબતના જ્ઞાનમાં કદાચ વૃદ્ધિ થશે એમ માનીને હું નીચે કેટલાક મારા ચૂંટી કાઢેલા સવાલો અને તે પ્રેતાત્માના ઉત્તરો આપું છું.



હું : તમે શા હેતુથી પ્રેરાઈને મારી સન્મુખ પ્રગટ થવાની કૃપા કરી?

પ્રેતાત્મા : માનવીની સોબતનો પ્રેમ.

હું : તમે મને કહેશો કે, તમે પૂર્વ જન્મમાં કોણ હતા, અને આ સ્થિતિમાં ક્યારથી આવી પડ્યા છો?

પ્રેતાત્મા : મારું નામ ચિદંબર કુળકર્ણી. હું અહીં પાસેના શહેરમાં એક સુંદર હોટેલ ચલાવતો હતો. જેમને પોતાના ભૂતકાળનું જ્ઞાન હોય છે તેવા નસીબદાર પ્રેતાત્માઓમાંનો હું એક છું. કુદરતની યોજનાનુસાર, મારું માનવી શરીર આઠ વર્ષ પહેલાં નાશ પામ્યું હતું.

હું : તમે ચિદંબર કુળકર્ણી તરીકે હતા ત્યારે આ ભૂતકાળનું જ્ઞાન મેળવવાની શક્તિ તમારી પાસે હતી?

પ્રેતાત્મા : ના, મારા સ્થૂલ શરીરના નાશ પછી મારામાં એ શક્તિ પ્રગટ થઈ.

હું : તમે કેટલે દૂર સુધીના ભૂતકાળમાં ડૂબકી મારી શકો છો?

પ્રેતાત્મા : મારા પાંચ પૂર્વજન્મોનું મને વિગતવાર જ્ઞાન છે.

હું : તમે બીજાનો ભૂતકાળ જાણવાની શક્તિ પણ ધરાવો છો?

પ્રેતાત્મા : કેટલીક વાર બીજાના ભૂતકાળની વિગતો પણ મારામાં ઝબકી જાય છે.

હું : તમે મારી ચોક્કસ જન્મ તારીખ અને જન્મ સમય કહી શકશો.

**પ્રેતાત્મા** : હું પ્રયત્ન કરી તો જોઉં. હા,–તમે એક બૌદ્ધ દેશમાં ઇ. સ. ૧૯૨૦ ના ઓગસ્ટની છવીસમી તારીખે બપોરે બાર વાગ્યા ઉપર અઢાર મિનિટે જન્મ્યા હતા.

**હું** : તમે તમારું કે બીજાનું ભાવિ જાણવાની શક્તિ ધરાવો છો?

**પ્રેતાત્મા** : ના મહારાજ.

**હું** : છેલ્લા મૃત્યુ પછી તમે કયું પરિવર્તન અનુભવ્યું?

**પ્રેતાત્મા** : સ્થૂલ શરીરના સંબંધનો નાશ, અને પરિણામે દુન્યવી પાર્થિવ વસ્તુઓનો ઉપયોગ કે ઉપભોગ કરવાની અશક્તિ.

**હું** : શું તમે એમ કહેવા માગો છો કે મૃત્યુથી તમારી માનસિક શક્યતાઓ પર કોઇ વિપરિત અસર નથી થઇ?

**પ્રેતાત્મા** : હા, એટલું જ નહિ, પણ તેથી ઊલટું મૃત્યુ પછી મારી માનસિક શક્તિઓમાં ચોક્કસ વધારો થયો છે.

**હું** : તમો બધાં ક્યાં રહો છો?

**પ્રેતાત્મા** : અમારાં શરીર સૂક્ષ્મ હવામય હોય છે. તેથી અમારે કોઇ અમુક જગ્યાએ જ રહેવાની જરૂર હોતી નથી. પણ અમારા દરેકના પૂર્વવલણ પ્રમાણે અમે વૃક્ષો, મંદિરો, તળાવો, કબરો, સ્મશાનો, દેવળો, કિલ્લાઓ, ગુફાઓ, ટેકરીઓ, કોલસાની ખાણો વગેરેની આસપાસ ભમતાં રહીએ છીએ. કેટલીક વાર અમે માનવીના કે પશુના શરીરમાં પણ પ્રવેશીને રહીએ છીએ. કેટલાક ઊંચી કોટિના પ્રેતાત્માઓ સ્વર્ગના અને ઉચ્ચ ગ્રહોના પ્રદેશમાં રહે છે.

**હું** : તમે માનવી કે પશુના શરીરમાં કેમ અને ક્યારે રહેવાનું પસંદ કરો છો?



**પ્રેતાત્મા** : જેમને પૃથ્વી તરફ ખેંચાણ હોય છે, જેમની દુન્યવી વાસનાઓ ખૂબ પ્રબળ હોય છે અને તે સુષુપ્ત વાસનાઓને શાન્ત કરવાની ઇચ્છા રાખે છે, તેવા પ્રેતાત્માઓ જીવતા માનવી શરીરોમાં કે પશુનાં શરીરોમાં ઘૂસી જાય છે. મોટે ભાગે જેમને તે ભૂતકાળમાં ચાહતા હતાં તેમનામાં પ્રવેશ કરવાનું તે પસંદ કરે છે. અથવા કોઇ શરીર આઘાતથી મૂર્ચ્છાવશ થઇ ગયું હોય અથવા વિષની અસરથી બેભાન બની ગયું હોય છે, તેમાં તે પેસી જાય છે. જ્યારે મૂર્ચ્છાવશ કે બેભાન બનેલો માનવી ભાનમાં આવતાં જ પહેલાં કરતાં તદ્દન જુદી જ રીતે વર્તતો હોય તો તમારે નક્કી માનવું કે કોઇ પ્રેતાત્માએ તેના શરીરનો કબજો લીધો છે, અને તેમાં પહેલાં રહેતા તેના જીવને તેણે હાંકી કાઢ્યો છે.

**હું** : તમે પ્રેતાત્માઓ અવકાશમાં અને ઉચ્ચ ગ્રહોમાં સ્વેચ્છાપૂર્વક ભ્રમણ કરવાની શક્તિ ધરાવો છો?

**પ્રેતાત્મા** : જેમને આ પૃથ્વી પર ફરી જન્મ લેવો પડવાનો છે, તેવા સત્ત્વો પૃથ્વીની આસપાસની ખાસ નિશ્ચિત મર્યાદા કે હદથી પેલે પારના, ઊર્ધ્વ પ્રદેશોમાં ગતિ કરી શકતાં નથી. જે સત્ત્વો ભૂતજગતમાંથી છૂટા થયા પછી સ્વર્ગલોકમાં જવા માટે પરિપક્વ બન્યાં હોય છે, તેઓ આ વિશાળ અવકાશમાં અને દૂર–સુદૂરના ગ્રહોમાં ભ્રમણ કરી શકે છે. હું ખાતરીપૂર્વક જાણું છું કે ઊર્ધ્વ લોકનાં સત્ત્વો ઉચ્ચ કોટિના પાર્થિવ–બાહ્યસત્ત્વોનો અને કેટલીક વાર પૃથ્વી પરના આગળ વધેલા જીવોનો સંપર્ક સાધવા નીચે ઉતરી આવે છે.

**હું** : તમે પ્રેતાત્માઓ માનવીને મદદ કરવાની, સાજા કરવાની, અથવા તેમને હેરાન કરવાની શક્તિ ધરાવો છો.

પ્રેતાત્મા : હા. માનવજાતિની શક્યતાઓ પર શાસન ચલાવતા કર્મના કાયદાઓ અમારા પ્રેતજગતને લાગુ છે. ફરક માત્ર એટલો છે કે અમારાં શરીર સૂક્ષ્મ હવામય હોય છે. એટલે અમે શરીરધારી પ્રાણીઓનું ભલું કે બૂરું કરવામાં વધારે સ્વતંત્રતા અનુભવીએ છીએ. વળી અમે તે કામ બહુ ઝડપથી અને સુગમતાથી કરી શકીએ છીએ.

હું : તમે પૃથ્વી પરના માનવીઓને ભૌતિક પદાર્થોવડે મદદ કરી શકો છો?

પ્રેતાત્મા : અમે પ્રેતાત્માઓ ભૌતિક પદાર્થોનું સર્જન કરી શકતાં નથી તેમ જ તેવા પદાર્થો અમારી માલિકીના હોતા પણ નથી. તેથી જ્યારે પૃથ્વીના માનવીઓને ભૌતિક પદાર્થોવડે મદદ કરવાની વાત આવે છે, ત્યારે નીચલી કોટિના પ્રેતાત્માઓ તે પદાર્થો કોઈની દુકાનમાંથી કે મકાનમાંથી ઉપાડી લાવતા હોય છે. હું એવા કેટલાંક તોફાની પ્રેતાત્માઓને ઓળખું છું કે જેઓ કેટલાક સમૃદ્ધિશાળી, કપટી શ્રીમંતોની તિજોરીઓમાંથી દ્રવ્ય ઉપાડી લાવી દક્ષિણના એક જાણીતા હરિજનને પૈસાના ઢગલે ઢગલા આપ્યા કરે છે. એ વ્યક્તિ ચમત્કારપ્રિય માનવસમુદાયને ઈશ્વર અને અવતારોના નામે આકર્ષી, ભરમાવીને ફસાવે છે. જો કે એટલું તો કહેવું જ પડશે કે ધર્મ અને ભગવાનમાં નહીં માનનારા એવાં કેટલાક આ પ્રેતાત્મક્રિયાને યોગશક્તિ માનીને ધર્મની તરફ આકર્ષાય છે.

હું : સ્થૂલ ઈન્દ્રિયોના અભાવે પ્રેતાત્માઓ ભૌતિક પદાર્થોની હેરફેર કેવી રીતે કરી શકે?

પ્રેતાત્મા : અમારી પ્રેતાત્માઓની પાસે માનવીએ બનાવેલી



ભૌતિક વસ્તુઓના પરમાણુઓનું વિઘટન કરવાની શક્તિ હોય છે. આવી રીતે તે વસ્તુઓને ચોરી લાવતાં પ્રેતાત્માઓ તે પ્રક્રિયા અખત્યાર કરતા હોય છે. અને જ્યાં તે વસ્તુઓ લઈ જવાની હોય છે ત્યાં તેઓ તે વસ્તુઓનાં પરમાણુઓનું ફરી સંઘટ્ટન કરે છે, ને અણુપરમાણુઓને એકઠા કરી ફરી તે વસ્તુઓનું નિર્માણ કરે છે.

હું : તમે તે વસ્તુઓના પરમાણુઓનું વિઘટન કેવી રીતે કરો છો તે પદ્ધતિનો ચોક્કસ ખ્યાલ, મહેરબાની કરીને આપશો?

પ્રેતાત્મા : ના. મિત્ર. ગૂઢ વસ્તુઓ જાણવાની તમારી ઈચ્છાને હું વખાણું છું પણ ચૈત્ય શક્તિઓની કાર્યપદ્ધતિની વિગતો જાણવા માટે હજી· તમે પરિપક્વ થયા નથી. મને મહેરબાની કરીને તે પદ્ધતિનો દાર્શનિક પ્રયોગ કરવાનું દબાણ ન કરશો. કારણ કે તેથી મારી આધ્યાત્મિક શક્તિનો વિનાકારણ દુર્વ્યય થશે.

હું : અનિષ્ટકારી પ્રેતાત્માઓ ગમે તેને નુકસાન પહોંચાડી શકે ખરાં?

પ્રેતાત્મા : ના. અમારી પ્રેતાત્માસૃષ્ટિમાં તમે જેને 'સંરક્ષણ સમિતિ' કહો છો તેવી સંસ્થા હોય છે. બળવાન સત્ત્વો તેનાં સભ્ય હોય છે. તેમની એક ફરજ એ હોય છે કે, "કોઈ પણ માણસને અયોગ્ય ઈજા ન થાય, તે તેમણે જોવું. એમાં એક અપવાદ હોય છે. અને તે એ કે ભૂતકાળની કોઈ દ્વેષીલી સંબંધગ્રંથિઓ (ઋણાનુબંધ) હોય, અને તેને લઈને તે વ્યક્તિ તરફ તે પ્રેતાત્મા દ્વેષયુક્ત વર્તાવ કરે. તમારી માનવસૃષ્ટિમાં હોય છે, તેવું જ અમારી બાબતમાં પણ છે. આવો દ્વેષયુક્ત વર્તાવ તેઓ માનવીઓ સાથે કે બીજાં પ્રાણીઓ સાથે પણ કરે છે.

હું : તમારા જેવાં ભલાઇવાળાં સત્ત્વો શું કાર્ય કરે છે, તેનો મને ખ્યાલ આપશો?

**પ્રેતાત્મા :** સાત્ત્વિક પ્રકૃતિનાં પ્રેતાત્માઓ કદી પણ કોઇને હેરાન કરતા નથી. કુદરતી કાયદાને અનુરૂપ તેઓ માનવીને મદદ અને માર્ગદર્શન આપતા હોય છે. તેઓ સત્ત્વપ્રધાન માનવીઓનો સંગ ઇચ્છતા હોય છે અને ઊર્ધ્વગામી વાતાવરણયુક્ત સ્થળોનાં સંપર્કની અપેક્ષાએ ત્યાં આકર્ષાતા હોય છે.

હું : તમે પ્રેતાત્માઓ અલૌકિક ઘટનાઓ નિર્માણ કરી શકો ખરાં કે?

**પ્રેતાત્મા :** પોતાની ખાસ વિશિષ્ટ અને ભિન્નભિન્ન શક્યતાઓ અને શક્તિઓને પરિણામે જુદી જુદી ચેતનાની સ્થિતિવાળા જુદા જુદા લોકો અમુક કાર્યોને અકુદરતી અથવા અતિપ્રાકૃતિક ગણે છે. નીચે વર્ણવેલી કેટલીક રસપ્રદ ઘટનાઓ પરથી તમને ખ્યાલ આવશે કે અમારાં તદ્દન સહજ કાર્યોને પણ માનવીઓ ચમત્કારિક ઘટનાઓ તરીકે માનતા હોય છે.

(अ) : એક સમયે ભગવાન શંકરના મંદિરમાં ગવાતું સ્તોત્ર સાંભળીને એક પ્રેતાત્મા તે તરફ આકર્ષાઇને તે મંદિરે ગયો, અને શિવલિંગ પર ચઢેલી ફૂલમાળાને તેણે પેલા સ્તોત્ર ગાનાર ભક્તના કંઠમાં આરોપી. બધા હાજર રહેલા લોકોને આથી બહુ આશ્ચર્ય થયું, અને તે દિવસથી તે ભક્તની અને તે શિવાલયની લોકપ્રિયતામાં ગજબનો વધારો થઇ ગયો.

(ब) : હું અને મારો એક સાથી ગુજરાતના એક માતાજીના મંદિરમાં ગયા. ત્યાંના ટોળામાં અમે એક ભક્તને તેના ગુલાબી રંગના સૂક્ષ્મ તેજોમંડળ વડે ઓળખી કાઢયો. તે ગરીબ હતો. તે



બે દિવસથી અન્ન વગરનો હતો તેની અમને જાણ થઇ. મારા સાથીદારે દેવીના ચરણ કમળમાં પડેલી કેટલીક રૂપિયાની નોટોને ઉરાડી પેલા ભૂખે મરતા ભક્તના હાથમાં પડે એમ કર્યું. આ જોઇ બધાનાં નેત્ર આશ્ચર્યથી વિસ્ફારિત થઇ ગયાં. પણ અમારે માટે તો આ ક્રિયા સામાન્ય ઘટના જ હતી.

(क) : બીજે એક પ્રસંગે મારવાડમાં આવેલા સુપ્રસિદ્ધ શ્રીનાથજીના વૈષ્ણવ મંદિરમાં બીજા એક પ્રેતાત્માએ અમુક સમય સુધી અદૃશ્ય રહી ઘંટ વગાડ્યા કર્યો. થોડીકવાર પછી શંખોનો નિનાદ સંભળાવા લાગ્યો. કોઇ માનવીની મદદ સિવાય નગારાં પણ વાગવા માંડયાં. બધા લોકો તેને દિવ્ય ચમત્કારો તરીકે માનવા લાગ્યા.

(ड) : એક વખત એક સ્ત્રી પ્રેતાત્માએ એક મંદિરના ગર્ભાગારમાં અદૃશ્ય રહી ત્યાં ઉપસ્થિતિ થએલા લોકો આગળ ઘોષણા કરી કે, 'જો તમે બધા સાંજથી સવાર સુધી મંદિરની પ્રદક્ષિણા નહિ કરો, તો પ્રભુનો કોપ તમારા પર ઉતરશે.' બધાએ તેને દેવવાણી માનીને સાંજથી સવાર સુધી મંદિરની પરિક્રમા કરી.

(इ) : એક ન્યાયાધીશ જે તમારા મિત્ર છે તેના પુત્રને પરીક્ષામાં ગણિતના પેપરમાં એક વિદેશી પ્રેતાત્માએ જવાબ લખવામાં મદદ કરી હતી. જો તે પુત્રને આવી અદૃશ્ય અને અજ્ઞાત મદદ આપવામાં આવી ન હોત, તો તેની કેળવણીની કારકીર્દીનો કરુણ રકાસ થાત.

(फ) : દરેક શ્રાવણ મહિનાની બીજે જગન્નાથપુરીના માતાના મંદિરનો એક સાધુ પોતાના હાથવડે બસો યાત્રાળુઓથી

ભરેલાં વીસ બળદગાડાં લાઇનબંધ ખેંચે છે. તેને તેમાં કશો જ શ્રમ પડતો નથી. ઓરિસ્સાના લોકો એમ માને છે કે ભગવત્-શક્તિ તે સાધુમાં તે દિવસે પ્રગટ થાય છે. તે શુદ્ધહૃદયી સાધુ પણ તેમ જ માને છે. પણ હું અને અમારી પ્રેતાત્માસૃષ્ટિનાં કેટલાંક સત્ત્વો જાણીએ છીએ કે તે પરાક્રમ અમારામાંના કેટલાક સાથીદારોનું છે. ઉપર વર્ણવેલી ઘટનાઓ ઉપરથી તમે જોઇ શકશો કે તમારી માનવીઓની માન્યતાઓ કેટલી ખોટી છે અને તમારું અજ્ઞાન કેટલું ગજબનાક છે. તમે બધા તે ઘટનાઓમાં દૈવી શક્તિના ચમત્કારો જુઓ છો તે ભૂલભરેલું છે.

**હું** : તમે તમારી અત્યારની અવસ્થાને માનવજીવન કરતાં ચઢિયાતી માનો છો?

**પ્રેતાત્મા** : તમો પૃથ્વી પરના માનવોને પ્રેતાત્માસૃષ્ટિનું સાચું જ્ઞાન નથી. તમે બધા અમને હીન ગણો છો અને અમારાથી ડરો છો. પરંતુ તમને ખબર નથી કે કુદરતી ઉત્ક્રાન્તિના વિકાસક્રમમાં દરેક જીવને પ્રેતાત્માસૃષ્ટિની અનુભૂતિમાંથી પસાર થવું પડે છે, સરખામણીને બાદ કરતાં મારું એમ માનવું છે કે સોનાને અલંકારનું સ્વરૂપ આપતાં પહેલાં વિવિધ ક્રિયાઓમાંથી પસાર થવું પડે છે. તે જ રીતે આધ્યાત્મિક પરમપદને પામતાં પહેલાં દરેક જીવને વિવિધ અનુભૂતિઓમાંથી પસાર થવું પડે છે.

**હું** : તમે મારા વિચારો વાંચી શકો?

**પ્રેતાત્મા** : જરૂર, જરૂર. હું આટલો વખત એ જ કરતો રહ્યો છું. જેને તમે મારી પાસેથી ગવડાવવા માગો છો એવા એક કાવ્યનો વિચાર અત્યારે તમારા મનમાં છે. તમે તમારા મનમાં ને મનમાં ગાઓ. પછી હું ગાઇ બતાવીશ.



**હું** : તમે ગજબ છો. હવે તમે એ કવિતા ગાઇ બતાવો.

**પ્રેતાત્મા** : સાંભળો (તેણે ખરેખર મારા મનની જહોન મેસફીલ્ડની કવિતા અક્ષરશઃ ગાઇ બતાવી.)

**હું** : તમારી ઇચ્છા પ્રમાણે ગમે તે વ્યક્તિની સમક્ષ તમે પ્રગટ થઇ શકો ખરા?

**પ્રેતાત્મા** : હા. અમારામાંના જે પ્રેતાત્માઓને માનવ પ્રાણીઓ માટે સાહજિક પ્રેમ છે, તે સારા સંસ્કારો અને સ્વભાવવાળી વ્યક્તિઓની સોબત પસંદ કરે છે. જે અમારાથી બ્હીએ છે અને જેમનામાં જીવનના ઉચ્ચ મૂલ્યો માટે અભિરુચિ નથી, તેમના ઉપર મોટે ભાગે અમે અમારી જાતને લાદતાં નથી. જ્યારે અમે અવકાશમાંથી વધારાનાં ઘટ્ટ પરમાણુઓને ખેંચી લઇએ છીએ. અમારામાં કેટલાંક પ્રેતાત્માઓ એવાં પણ છે કે જેમને બીજાં પ્રાણીઓ માટે કુદરતી અણગમો હોય છે. કેટલાંક પ્રેતાત્મા માત્ર વનસ્પતિ અથવા પશુઓની પેઠે અસ્તિત્વ જ ધારણ કરે છે. તેમને કશામાં રસ હોતો નથી. તુચ્છ કોટિના પ્રેતાત્માઓને તોફાન કરવું બહુ ગમે છે. તે મનુષ્યોને અને બીજાં પ્રાણીઓને સતાવવામાં જ મજા માણે છે. આ ઉપરથી તમને સમજાશે કે પાર્થિવ ભૂમિકા ઉપર મનુષ્ય જેમ ભિન્ન ભિન્ન પ્રકાર અને સ્વભાવનાં હોય છે, તેવું જ અદૃશ્ય જગતમાં પણ હોય છે.

**હું** : બધાં પ્રેતાત્માઓ બોલી શકે છે ખરાં?

**પ્રેતાત્મા** : ના, જેમને મૃત્યુનું યથાર્થ જ્ઞાન નથી હોતું અને જેઓ મૃત્યુ સમયે માનસિક યાતનામાંથી પસાર થાય છે એવી વ્યક્તિઓનાં વાણીતંતુઓ તેમના સ્થૂલ અને સૂક્ષ્મ વાણીના તંતુઓને બહુ ઇજા પહોંચાડે છે. આને પરિણામે જ્યારે તેઓ

મૃત્યુની પેલી બાજુના પ્રદેશમાં સંચરે છે, ત્યારે તેઓ પોતાની લાગણીઓને વાણીદ્વારા વ્યક્ત કરવાની શક્તિ ગુમાવી બેઠાં હોય છે. અમારી સૃષ્ટિમાં આવા પ્રકારના પ્રેતાત્માઓની સંખ્યા મોટી છે. એમાંના કેટલાક પોતાના નવા જીવન સાથે સામંજસ્ય સાધી લે છે. પછી જ્યારે તેમને માનવપ્રાણીઓ સાથે વ્યવહાર કરવાની ઇચ્છા થાય છે. ત્યારે તેઓ વિચાર–વિનિમય અથવા વિચાર–સંક્રાન્તિની પ્રક્રિયાનો ઉપયોગ કરે છે. મેં પહેલાં કહ્યું તેમ વધારે જ્ઞાનવાળાં પ્રેતાત્માઓની માનસિક શક્તિઓ વિકાસ પામેલી હોય છે. અને તેઓ જ મંદ માનવી અવાજમાં બોલી શકે છે. તેઓ વિચારોની આકૃતિ અને રંગ જોઇ શકે છે અને તેમનો અર્થ ઉકેલી શકે છે.

હું : પ્રેતાત્માઓની આવાહન–મિજલસો પ્રેતાત્માઓના ટકોરાના અવાજો, પ્રેતાત્માઓના સંદેશા, પ્લેન્ચેટ–પૂંઠા પર માણસની આંગળીએ અમુક શબ્દો પર પ્રેતાત્માઓ ખસેડે છે તે ક્રિયા, પ્રેતાત્માઓની દોડધામ–હેરફેર; પ્રેતાત્માઓનાં બૂમરાણો અને ગતિસૂચક બરાડા–આ બધા વિષે તમારો શો અભિપ્રાય છે?

પ્રેતાત્મા : એ બધું તો રદ્દી વર્ગના ભૂવાના ખેલની કરામત માત્ર છે. સમાજના અમુક વર્ગને મનોરંજન આપવાનો તેમને શોખ હોય છે. તેમાંના મોટાભાગના લોકોને તો આવી કરામતો અને યુક્તિઓ પર પ્રભુત્વ મેળવી પોતાનામાં મહાન આધ્યાત્મિક શક્તિ છે એમ લોકોને મનાવવાની ઇચ્છા હોય છે. તેમનો ઇરાદો માત્ર ભોળા અને છેતરી શકાય તેવા લોકોને બનાવવાનો જ છે.

હું : તમે કોઇ દિવસ તમારાં ભૂતકાળનાં સગાંવહાલાંને મળો છો?

પ્રેતાત્મા : મને તેમને મળવાની ઇચ્છા નથી થતી. જેઓ



પૈસા કમાવા ખાતર ગમે તેવાં હીન કૃત્યો કરવા જેટલા હલકટ બની શકે, તેવાંઓની સોબત યોગ્ય નથી. વળી, મારાં જીવતાં છોકરાંછૈયાં હવે સુધરી શકે તેવી શક્યતા નથી. છતાં હું મારા ત્રીજા પૂર્વજન્મના ફ્રેન્ચ છોકરા સાથે માનસિક સંપર્ક સાધુ છું. તે અત્યારે ફ્રાન્સમાં પેસ ગિરેકમાં રહે છે. હવે તો તે વૃદ્ધ થયો છે. તેને શ્રી અરવિંદના તત્ત્વજ્ઞાનમાં ઊંડો રસ છે.

હું : તમે તમારા તે ફ્રેન્ચ દીકરાને મળવા કેમ જતા નથી?

પ્રેતાત્મા : મારું પંચમહાભૂતોનું બંધારણ એવું છે કે મને તેવી લાંબી અવકાશયાત્રા શક્ય નથી.

હું : તમે કોઇ મહાન .સંતોના સંપર્કમાં હો તો મને તેમનાં નામ કૃપા કરી જણાવશો?

પ્રેતાત્મા : હમણાં તો હું કોઇના સંપર્કમાં નથી. ભગવાન રમણમહર્ષિના ઉપદેશોમાંથી હું શીખ્યો છું કે જેના પ્રત્યે સ્વયંભૂ પૂજ્યબુદ્ધિ પ્રગટે તેને મહાન સંત સમજવો. જેની હાજરીમાં માણસને સઘન અને ઉચ્ચ પ્રકારની શાન્તિનો અનુભવ થાય, તેને મહાન સમજવો.

હું : પ્રેતાત્મા સૃષ્ટિમાં તમારો નિકટનો મિત્ર કોણ છે? તે પૂર્વજન્મમાં કોણ હતો?

પ્રેતાત્મા : મારે એક બહુ આગળ વધેલા પ્રેતાત્મા સાથે ગાઢ સંબંધ છે. તે પૂર્વજન્મમાં એક વિખ્યાત વિદેશી ડોક્ટર હતા. તેમને હિંદી જીવન સાથે સારો પરિચય છે. ગઇ કાલે જ અમે ભારતના આરોગ્યના પ્રશ્નની ચર્ચા કરી હતી. તેમનો એવો દૃઢ અભિપ્રાય છે કે અત્યારે ભારતમાં વગર વિચાર્યે માણસો ઉપર જે સંતતિ નિયમન લાદવામાં આવે છે તેથી ભારતને ખૂબ ખૂબ નુકસાન થશે.

**હું :** તમારા મિત્રે એ અભિપ્રાય માટે સબળ કારણો આપ્યાં હતાં કે?

**પ્રેતાત્મા :** મારા મિત્રને લાગે છે કે જનતાની નિરક્ષરતાને કારણે અને આસપાસ પ્રવર્તતા ધાર્મિક વિચારોની અસરને કારણે ભારતમાં અત્યારે લગભગ ૩૦–૩૫ વર્ષની ઉમ્મરના ભણેલા લોકો જ થોડાંક સંતાન થયા પછી સંતતિ નિરોધ માટે શસ્ત્રક્રિયા કરાવે છે. હવે તે ઉમ્મરમાં જ વધારે બુદ્ધિશાળી સંતાનો પેદા કરવાની શક્યતા છે. વસ્તીના લગભગ ૭૦ ટકા અભણ અને નિરક્ષર માણસોને સંતતિનિરોધ ગમતો નથી. વળી ભારતમાં પત્નીઓની દરકાર બરાબર અને સમજપૂર્વક લેવાતી નથી. દેશ-માં વધતી જતી સ્ત્રીઓની આત્મહત્યાઓ પાછળ તે જ કારણ મુખ્યત્વે રહેલું છે. આધુનિક શિક્ષણ પામેલી અત્યારની છોકરી-ઓને લગ્ન પ્રત્યે અને ખાસ તો માતા બનવા પ્રત્યે ખૂબ નફરત છે. આના પરિણામે બુદ્ધિશાળી બાળકોના જન્મનું પ્રમાણ ખૂબ ઘટી જશે, અને પછાતવર્ગના ઠોઠ બુદ્ધિવાળા સંતાનોની સંખ્યા ખૂબ વધી જશે. આ કારણોથી મારા મિત્ર માને છે કે સંતતિ નિયમનનો હેતુ તો આનાથી નહિ જ સરે, પણ ઊલટું ૫૦ વર્ષના ગાળામાં દુનિયાના બીજા દેશોની સરખામણીમાં ભારતવર્ષમાં વસ્તીનો બહુ જ થોડો ભાગ બુદ્ધિશાળી રહેશે.

**હું :** આપણે ફરી બીજીવાર મળી શકીશું ખરા કે?

**પ્રેતાત્મા :** આપણે એ વાતને સુખદ અકસ્માત પર છોડી દેવી જોઈએ હવે મારે જવું જોઈએ. તમે મને આટલો સમય તમારી સોબતનો લાભ આપ્યો, તે માટે હું તમારો આભારી છું. આપણે ફરી મળીએ, ત્યાં સુધી ભગવાન તમારું રક્ષણ કરો.



ચિદંબર કુલકર્ણીનો હવામય આકૃતિવાળો પ્રેતાત્મા અદૃશ્ય થઈ ગયો. આ રીતે મારી ઉલ્લાસપ્રદ અનુભૂતિનો અંત આવ્યો. મેં આ મેળાપનું અને વાતચીતનું વર્ણન તદ્દન વફાદારીપૂર્વક કર્યું છે. તેમાં જરા પણ મીઠું મરચું ભભરાવ્યું નથી. મેં તેને બરાબર ચકાસણી કર્યા પછી જ શબ્દદેહ આપ્યો છે. તેમાં મારી કોઈ પણ પ્રકારની ભ્રમણા ઘૂસી ન જાય, તેની મેં કાળજી રાખી છે. આમ પ્રેતાત્મા સૃષ્ટિની વાસ્તવિકતાનો વિરોધ થઈ શકે તેમ નથી. છતાં મારે કબૂલ કરવું જોઈએ કે આનો વિરોધ કરનારા ચસકી ગએલી ડાગળીવાળા મારા ટીકાકારોને ખાતરી કરાવી આપવા હું અશક્ત છું.

## અનેરો કૂતરો

નવરાત્રિ જપયજ્ઞ દરમ્યાન એક વિચિત્ર દૃશ્ય પણ જોવામાં આવતું. કુટિયા પાસે સવારે અને સાંજે સાધકો જપધ્યાન માટે બેસતા. ત્યાં પૂ. માની પ્રતીક્ષામાં એક હીંચકો પણ સરસ સજાવીને રાખવામાં આવતો. આ હીંચકા નીચે કે નજીક નવરાત્રિના પ્રારંભથી જ એક અજાણ્યો લાલ કૂતરો રોજ આવીને શાન્તિથી સૂઈ રહેતો. તે કદીક પૂ. મા અને સાધકો વહેલી સવારે ધ્યાન અને પ્રણામ કરતા, ત્યાં પણ ચઢી આવતો અને શાંતિથી બેસતો, કાર્યક્રમ પતી જતાં આસપાસ ચાલી જતો. નવાઈની વાત તો એ હતી કે નવરાત્રિ જપયજ્ઞ પછી તે ફરી દેખાયો જ નહિ. પ્રાણીઓમાં પણ કોઈ સદ્‌ભાગી જીવો એવા હશે કે જેઓ કોઈ સંતનું દર્શન કે સ્પર્શન મુક્તિ માટે ઝંખતા હોય! એવો જ આ કૂતરો લાગ્યો.

## ક્ષુલ્લક વસ્તુઓ પ્રભુપાસે ના માગો

જે સહાય માટે પ્રાર્થના કરે છે તેને અવશ્ય મળે છે. પરંતુ પ્રભુ પાસે લૌકિક પદાર્થોની માગણી કરશો તો તે મળે પણ ખરી, કિન્તુ તમારા ભાગ્યમાં તે નહિ હોય તો ટકશે નહિ. એના કરતાં પ્રભુ પાસે ફક્ત તેની કૃપા, તેનું દર્શન કે આત્મદર્શન જ માગો, જ્ઞાન, ભક્તિ ને વૈરાગ્ય જ માગો, જે મળવાથી વહેલું મોડુ તમારું આત્મકલ્યાણ થશે જ ને તે કાયમી ટકશે.

યોગેશ્વરજી

સૌજન્ય :

**YOGA & TOTAL HEALTH CENTRE**

ડો. હિમાંશુ પાઠક,
શ્રી હેમીના પાઠક.

"નિરાંત"
૩૨, દિવાળીબાગ સોસાયટી, સૂર્યપુર સોસાયટી પાછળ,
રાંદેર રોડ, સુરત–૩૯૫૦૦૯

ફોન : (૦૨૬૧) ૬૮૫૨૮૩



# અંબાજીનો મૌન–જપયજ્ઞ

હરિભાઇ ભોજાણી
નારાયણ હ. જાની

મોટે અંબાજીમાં આ વર્ષે નવરાત્રિનો મૌન જપયજ્ઞ સરસ રીતે ઉજવાયો. આગલાં બે વર્ષોની સરખામણીમાં આ વર્ષે આવનાર સાધક ભાઇબહેનોની સંખ્યા પ્રારંભથી જ બમણાથી વધારે હતી. પહેલે દિવસે જ ૮૭ સાધક ભાઇબહેનો નવ દિવસ માટે હાજર થઇ ગયા. તેનું મુખ્ય કારણ હતું પૂ. મા શ્રી સર્વેશ્વરી-નું અણધાર્યું ભારત આગમન.

પૂ. માએ જો કે જાહેર કાર્યક્રમોમાં જોડાવાની પોતાની અનિચ્છા જણાવી હતી. છતાં તા. ૨૮/૯ ના સત્કાર કાર્યક્રમ પછી સાધકોને ઊંડે ઊંડે શ્રદ્ધા હતી કે પૂ. મા–નવરાત્રિ પૂરી થતાં પહેલાં જરૂરથી અંબાજી પધારશે. સાધક ભાઇબહેનોની એ શ્રદ્ધા સાચી ઠરી. પૂ. મા તા. ૯–૧૦–૯૭ ના રોજ (નવરાત્રિની આઠમે) અણધાર્યાં પધાર્યાં ને સમગ્ર સાધક ભાઇબહેનોમાં એક ઉત્સાહ ને આનંદનું મોજું ફરી વળ્યું. સાધકોને લાગ્યું કે નવરાત્રિ પર્વ નિમિત્તે જે પણ અલ્પ પ્રમાણમાં સાધનભજન થયું–તેનું પ્રત્યક્ષ ફળ જાણે પૂ. માના આગમનથી મળી ગયું.

શિબિરના આગલા દિવસે રાત્રે પ્રાર્થના બાદ શિબિરના મુખ્ય આયોજક શ્રી અજયભાઇ કલોલા સહુ સાધકોને ઉષ્માભેર સત્કારે છે. અને સાથે સાથે દર વરસની જેમ શિબિરના નિયમો–રસમોથી વાકેફ કરે છે. જે ખાસ કરીને પ્રથમ વખત આવનાર સાધકોને માર્ગદર્શક રહી. તો વળી સાધકોના પ્રતિભાવ એવા હતા કે, "વાતાવરણ જ એવું ખડું થાય છે કે મૌન તોડવાનું ક્યારેય

કોઇને પણ મન જ ના થાય." તો આવો આપણે સહુ પણ આ દિવ્ય અને દેવદુર્લભ શિબિરનો માનસિક આનંદ માણી લઇએ.

વહેલી સવારે પાંચ વાગ્યા પહેલાં પરવારેલી કેટલીક બહેનો મંજીરા સાથે પૂ. યોગેશ્વરજી અને મા સર્વેશ્વરીની બાવનીઓ સુરિલા તાલબદ્ધ સ્વર સાથે પ્રભાતફેરીમાં ગાતી. માનવકંઠનું સુરિલાપણું–ભક્તિભાવ સાથે ભળીને–વાતાવરણને અજબ દિવ્ય-ભાવથી ભરી દેતું. એ સુરીલું મૃદુ કંઠે ગવાતું ગાન–ગ્રામ્ય માતા પોતાના વહાલસોયા સંતાનોને જગાડવા માટે ગવાતા પ્રભાતિયાની યાદ આપી જતું–પ્રાતઃકાળની શાન્તિમાં આ એવું તો ભળી જતું કે તેનાથી વાતાવરણની નૈસર્ગિક શાન્તિમાં કોઇ ભંગ થતો હોય તેમ ન અનુભવાતુ. પ્રભાતફેરીના આ વૃંદમાં જેમ જેમ સાધકો પરવારતા, તેમ તેમ જોડાઇ જતા પ્રભાતફેરીનો પ્રારંભ મોટાભાગે કપૂરાની બહેનો કરતી.

વહેલી સવારે પાંચ વાગ્યે સાધકોને જગાડવા માટેનો ઘંટ શ્રી બાલુભાઇ વગાડે તે પહેલાં જ બે વાગ્યાથી મોટાભાગના સાધક ભાઇબહેનો ઊઠીને પોતાના નિત્યકર્મથી પરવારીને જપ કરવા બેસી ગયા હોય. ૫ થી ૬ ની પ્રભાત કીર્તન ફેરીમાં સાધક ભાઇ-બહેનો ભાવપૂર્વક ભાગ લે પછી ૬–૦૦ વાગે બેલ વાગતાં જ બધા સ્વર્ગારોહણની અગાસીમાં પોતાના નિશ્ચિત સ્થાન પર ગોઠવાઇ જાય. જે સ્થાન તેમનું દરરોજનું બની જાય. ફરે નહિ જ. સામે સૂર્યનારાયણ પ્રભુના ઉદય પહેલાંની લાલીમાંથી આકાશ સુંદર સોનેરી સાજ સજતું દૃષ્ટિગોચર થાય. પંખીઓનો કલરવ સંભળાય પણ વાતાવરણ ખૂબ જ જપમાં સહાયભૂત બને તેવું જ હોય. ૭ સુધી મૌન જપ બાદ ૭ વાગે સહુ સમૂહમાં કેસેટ ઉપર ૧૨૫ પંચાંગ પ્રણામ કરે. પછી ૭–૨૫ કલાકે ત્યાં સ્વર્ગારોહણમાં બાલુભાઇદ્વારા નિત્ય થતી પ્રાતઃ આરતીમાં ભાગ લઇને આરતી, ધૂન, બાવની, વંદનાના સ્તોત્રો બોલીને ૭/૪૫વાગે નીચે દૂધ માટે



સૌ જાય જ્યાં તેમને ખબ જ મોટો ગ્લાસ ભરીને ખૂબ જ સરસ મસાલેદાર દૂધ મળે. તે પછી ૮–૧૫ કલાકે સહુ પવિત્ર કુટિયાના પ્રાંગણમાં ગોઠવાઇ જાય જ્યાં ૯–૧૫ સુધી જપની બીજી બેઠક ચાલે. ત્યારબાદ ૯–૧૫ થી ૯–૩૦ સુધી દુર્ગાસપ્તશતીના પૂ. માની સૂચના મુજબના ચૂંટી કાઢેલા કેટલાક શ્લોકોનું સમૂહગાન થાય અને ૯–૩૦ થી ૧૦ સુધી વિરામ રહે. બરાબર ૧૦ વાગે પૂ. માની દિવ્ય કૃપા ઉતરે. એટલા માટે કે આ વખતે પૂ. માએ કૃપા કરીને પોતાની અપ્રગટ આત્મકથાનો પ્રથમ ભાગ મોરબી-વાળા શ્રી હરિભાઇ ભોજાણીને સુપરત કર્યો અને રોજ સવારની બેઠકમાં તેનું એક કલાક વિવરણ સહિત વાચન કરવા સૂચન કર્યું. તે બાદ ૧૧ થી ૧૧–૧૦ સુધી હળવી કસરતો વડોદરાના શ્રી હરિશ્ચંદ્રભાઇ કોન્ટ્રાક્ટર કરાવે અને ૧૧–૧૦ થી ૧૨ સુધી ચૂંટી કાઢેલ, શિબિર માટે ખાસ પધારેલા વિશેષ વિભૂતિઓના વાર્તાલાપો રહે. તે કાર્યક્રમ ખૂબ પ્રેરણાદાયી અને જ્ઞાનસભર રહેતો હતો.

૧૨–૦૦ થી ૨–૩૦ ના વિશ્રામમાં ફળાહાર અને સાધકોના વિશ્રામનો સમય રહેતો. તેમાં પણ નવા નવા અને શ્રદ્ધાભક્તિ સંપન્ન ઉત્સાહી સાધક ભાઇબહેનોની વિનંતિ, લાગણી અને માગણીને માન આપીને ખાસ તેમના માટે ૧–૧૫ થી ૨–૧૫ સુધી એક વિશેષ કાર્યક્રમ રહેતો, જેમાં પૂ. મા–પ્રભુના પ્રેરક પ્રસંગો અને સાધકોની મીઠી મૂંઝવણોની મુક્ત ચર્ચા થતી જે કાર્યક્રમ રસપ્રદ રહ્યો. તે કાર્યક્રમનું સંચાલન મોરબીના શ્રી હરિ-ભાઇ ભોજાણી સંભાળતા. તે પછી બપોરના ૨–૩૦ થી ૩ સુધી ધૂન ભજનોની રમઝટ બોલતી હતી જેમાં કપુરા, વડોદરાના બહેનોનો ફાળો નોંધપાત્ર રહેતો હતો. ૩ થી ૪ સુધી ફરી એક વખત મૌનજપની બેઠક રહેતી જેમાં સૌ સાધક ભાઇબહેનો પોતાના નિર્ધારિત જપ પૂરા કરવા પ્રયત્ન કરતા. ૪ થી ૪–૧૫ ની ટૂંકી વિશ્રાંતિ બાદ તુરત જ પૂ. શ્રી યોગેશ્વરજીની દિવ્ય

અમૃતવાણીનો પ્રારંભ થતો હતો જે પ્રવચનો ખૂબ જ મનનીય રહેતા. આ પ્રવચન દરમિયાન પણ કેટલાય સાધકોના હાથ ગૌમુખી અને માળાના દિવ્ય દર્શન થતાં હતા કારણ રોજના નિર્ધારીત જપ તો પૂરા કરવા જ પડે ને? અરે કોઇ કોઇ સાધકો તો રોજ-ના અડધો લાખથી પણ વધુ જપ કરી લેતા હતા. દિવ્ય સ્થાન અને અલભ્ય દિવસોનો મહત્તમ લાભ ઊઠાવી લેવો જ જોઇએ એવું પૂ. મા–પ્રભુનું સૂત્ર તેમણે સાર્થક કરી બતાવ્યું હતું. તે પછી પ્રવચનમાં જ પૂ. મા સર્વેશ્વરીમાનું સુંદર ભાવવાહી ભજન ભક્તો ભાવપૂર્વક સાજસહિત ઝીલતા અને શ્રી પૂર્ણિમાબેન અને દમયંતીબેનની એ દિવ્ય વાણીમાં રાચી તરબોળ બનીને ભાવ જગતમાં એકાદ ડૂબકી મારી લેતા હતા. બરાબર ૬ વાગે ભોજનનો ઘંટ વાગે એટલે સૌ ભોજન માટે શક્તિભુવનમાં જતા હતા. આ શિબિરમાં ભોજનની અને રસોડાની તમામ વ્યવસ્થા પાલનપુરવાળા શ્રી રેવાશંકરભાઇ નામના પૂ. મા–પ્રભુના એકનિષ્ઠ ભક્તરાજે પોતાની મંડળીના સહયોગથી સંભાળેલ હતી જેથી સાધક બહેનોને ઘણી હળવાશ રહેતી હતી. વળી કાચું સીધું મોરબીનાં નીલમબેન પૂજારાની દેખરેખ નીચે, સહુ બહેનોએ મોરબીથી જ સાફ કરીને અંબાજી મોકલાવેલ. તેથી રસોડાવાળા-ઓનો ભાર ઘણો હલકો થઇ ગયો હતો.

ભોજનબાદ થોડા વિશ્રામ પછી યુવાન સાધક ભાઇબહેનો ઉત્સાહપૂર્વક ગરબાના! કાર્યક્રમમાં ભાગ લેતાં. જગદંબાના પર્વના દિવસોમાં તેના મહિમાને વર્ણવતા ગરબા તો હોય જ ને!

**અંબાજીમાં ઓઝોના**

"જીહા," અંબાજીમાં જ અને તે પણ સ્વર્ગારોહણના પાવન તીર્થધામમાં "ઓઝોના" શિબિરના પૂ. માની દિવ્ય અને પ્રેરણા-દાયક ઉપસ્થિતિના આ મંગલકારક દૃશ્યો વીડીયો કેસેટદ્વારા તાદૃશ થયા હતા. પૂ. માની ઓઝોના નવરાત્રિ શિબિરની દિવ્ય વાણી,



દિવ્ય ગાન ચેતનવંતી ચાલ અને માયકાંગલાની પણ કાયાપલટ કરાવી નાંખનારી કસરતો અને બીજું તો ઘણું ઘણું જે ઓઝોના શિબિરની વીડીયો કેસેટમાં અંબાજી શિબિરના એ ૧૨ દિવસો દરમિયાન દરરોજ નિહાળ્યું તે ખરે જ દિવ્યાતિ દિવ્ય અને અદ્ભુત હતું. ખરે જ, ઓઝોના શિબિર એ પૂ. મા કે પ્રભુની તમામ શિબિરોમાં ઘણી રીતે અનોખી ભાત પાડી જનારી અને સર્વોત્તમ રહી એમ કહીએ તો જરાપણ અતિશયોક્તિ નથી. આમ અંબાજીની નવરાત્રિ શિબિરમાંના ઘણા ઘણા અભૂતપૂર્વ કાર્યક્રમો-માંનો એક આ પણ કાર્યક્રમ દરરોજ રહેતો.

આ જપયજ્ઞના કાર્યક્રમોમાં ત્રણેક કાર્યક્રમો ખૂબ મહત્ત્વરૂપ બની ગયા. તેમાં સૌથી પહેલો કાર્યક્રમ હતો પૂ. માની આત્મ-કથાની ડાયરીના વાંચનનો. આ વાંચન શ્રી ભોજાણીભાઇ કરતા. સાધકો પૂ. માના જીવનની આ અપ્રકટ વાતો ખૂબ ધ્યાનથી સાંભળતા. પૂ. માએ સળંગ બેઠકોમાં હરિદ્વારમાં લખેલ આ આત્મકથા–એ વાતની પ્રતીતિ કરાવતી હતી કે તેઓએ પોતાની જાતને અધ્યાત્મમાર્ગે આગળ લઇ જવા કેવો કઠોર પરિશ્રમ કર્યો છે. તે માટે ખૂબ મજબૂત મનોબળ જોઇએ તે પૂ. મામાં હતું. કોઇ ન જાણે તે રીતે પૂ. ગુરુદેવ પ્રત્યે તેમનો કેવો પવિત્ર ભાવપૂર્ણ દૃષ્ટિકોણ હતો. તેનું દર્શન ડગલેને પગલે થતું. પહેલી શિબિરમાં પદ્માસન પણ ન વાળી શકનાર પૂ. મા વર્ષો પછી, કલાકો સુધી દેહભાન ભૂલીને જપધ્યાનમાં મગ્ન રહી શકતાં થયાં–તે જેવી તેવી સિદ્ધિ ના ગણાય. પૂ. માના આત્મિક વિકાસ પાછળ કેવો ભવ્ય પુરુષાર્થભર્યો ઇતિહાસ રહેલો છે, તેની ઝાંખી સાંભળનારા-ઓને થઇ.

પૂ. ગુરુદેવની પવિત્રવાણીમાં સાધકોએ કર્મયોગની વાતો સાંભળી. કર્મ વિષેની કેવી ભ્રાન્ત માન્યતાઓ આજે સમાજમાં પ્રવર્તે છે, તેનું પૂ. શ્રીએ સરસ રીતે નીરસન કર્યું છે. ફળની

આશાથી ભલે સાધક કર્મ કરે. પરંતુ એ ફળ ઉપર તેનો પોતાનો કોઇ અધિકાર નથી, તે વાત તેઓએ ઉદાહરણો સાથે સમજાવી. ફળ આપવાનું કામ ઈશ્વરનું છે અને જે ફળ મળે તેનો ઉપયોગ પ્રભુએ સર્જેલ સૃષ્ટિ અને તેના જીવો માટે થવો જોઇએ, તે વાત તેઓએ કહી.

છેલ્લે જે ત્રીજી મહત્ત્વની વાત હતી તે પૂ. માની દશરથાચલની યાત્રાની. આ યાત્રાનું જીવંત નિરૂપણ પૂ. માના સહયાત્રી શ્રી કલ્યાણની ભાવવાહી કલમે થયું છે. આ યાત્રામાં પૂ. માએ સાધકોને પ્રતીતિ કરાવી કે તેઓનું ભૌતિકરીતે નાજુક દેખાતું શરીર એ કોઇ સાધારણ માનવશરીર નથી, પરંતુ એક દિવ્ય-ચેતનાનું પરિવાહક છે. કારણ કે માનવશરીરને લાગુ પડતા કોઇ દેહધર્મો એ શરીરને આ યાત્રામાં લાગુ પડયા નથી. ઉનાળાની પ્રખર ગરમીમાં ભયંકર તપેલા પહાડો ઉપર ભરબપોરે પૂ. મા ખુલ્લા પગે ચાલ્યાં છે. બાર બાર વર્ષોના ઉપવાસો છતાં સાત હજારથી પણ વધારે ઊંચાઇ ધરાવતા આ પર્વતના ૮ કિ. મિ.ના અંતરને ભૂખ, તરસ કે થાક અનુભવ્યા સિવાય કાપ્યું છે. ચાર દિવસની આ યાત્રામાં પૂ. માએ થોડો મોસંબીનો રસ ને એકાદ સંતરું જ લીધું છે. બાકી કશું જ નહિ. સાથેના પ્રવાસીઓને પણ પ્રભુભરોસે આ યાત્રા કરાવી, આશ્ચર્ય પમાડી દીધા.

પૂ. માની સમશૃંગી કે બાહુબલીની યાત્રાઓથી પણ ખૂબ કપરી યાત્રા પૂ. માએ પ્રભુના સ્વરૂપને એક હાથે ધારણ કરીને, ખુલ્લા પગે તપેલા પત્થરો ઉપર કરી છે. એ બધી વાતો પૂ. માના દિવ્યદૈવી સ્વરૂપની પ્રતીતિ કરાવવા પૂરતી છે. લેખક શ્રી કલ્યાણને મોઢે તેમની લખેલી આ યાત્રાની વાત સાંભળવી એ પણ એક લહાવો બની ગઇ. વળી કેટલીક બેઠકોમાં જે દેવીનું આ પરાક્રમ-પૂર્ણ અભિયાન હતું તે પણ ઉપસ્થિત રહેતાં. સાધકો માની શકતા ન હતા કે શું એ આ શરીર છે જે અત્યારે આપણી સામે બેઠેલું



છે—તેણે જ આવું અભૂતપૂર્વ સાહસ કરેલું છે!

અંબાજીમાં પૂ. મા સાધકો ઉપર ખૂબ પ્રેમપૂર્વક વર્ષ્યાં. ખૂબ મુક્તમને સાધકોને મળ્યાં. નવ નવ દિવસ સુધી પોતાના દિવ્ય-દર્શનનું સુખ હાજર સહુને આપીને પરિતૃપ્ત કરી દીધા. આમ છતાં તેઓ સતત પોતાના નિયમ પ્રમાણેનું સાધનભજન કરતાં રહેતાં. પૂ. બાપજીની પણ સાધનાત્મક વાતો સાંભળવાનો સરસ લહાવો સાધકોને મળ્યો.

નવરાત્રિ પછી પણ પૂ. મા અંબાજીમાં છસાત દિવસ રોકાયાં. તે દરમ્યાન પણ પૂ. માનો અભિગમ—સાધકો વધુમાં વધુ સાધન અને સત્સંગ પરાયણ રહે—એવો રહ્યો. જે સરસ સમય મળ્યો છે, તેનો વધુમાં વધુ લાભ ઊઠાવે ને સાધના પથે આગળ વધે. પૂ. માએ પોતાને મૌન હોવા છતાં સાધકો ઉપર ઘણી કૃપા કરી.

કૂંડીથી શ્રી મેઘરાજભાઇએ સાધકો માટે ૧૦ કિ. ઘરનું ઘી મોકલાવ્યું તો કેનેડાના શ્રી પ્રભુભાઇ લાડે ભાગ લેનાર સાધકો માટે દૂધ અને ફળ માટે સહાય મોકલેલી.

જપયજ્ઞને સફળ અને સુગમ કરવામાં શ્રી કંચનભાઇ પટેલ અને તેમના પરિવારે, શ્રી ઈશ્વરભાઇ છાંટબાર, પ્રભુભાઇ હળવદિયા, શ્રી મહેન્દ્ર ભક્ત, શ્રી ચીમનભાઇ, ડૉ. નિર્વિકલ્પ, શ્રી ઓઝાભાઇ તેમ જ ઘણા બધા સાધક ભાઇબહેનોએ પોતપોતાની શક્તિ પ્રમાણે મદદ કરી. તે સહુને અભિનંદન.

મેનેજર શ્રી બાલુભાઇ સાધકોને સમયસર જગાડી દેતા જ્યારે શ્રી વિમળાબેને સાધકો ધ્યાનમાં વ્યસ્ત હોય ત્યારે આખા સ્વર્ગારોહણનું ધ્યાન રાખવાની સેવા બજાવી.

શક્તિભુવનના મેનેજર શ્રી અરવિંદભાઇનો સહકાર પણ જપયજ્ઞમાં ખૂબ ઉપયોગી ઠર્યો.

પોલ બ્રન્ટનની

# મહર્ષિ સાથેની મુલાકાત

(ગતાંકથી આગળ)

મૂળ લેખક : પોલ બ્રન્ટન
અનુવાદ : યોગેશ્વર

તાડવૃક્ષોવાળા ચોકમાં અમારી ગાડી આવી પહોંચી ત્યારે, આશ્રમના ઉદ્યાનમાં અંધકારમાં અદ્‌ભુત પ્રકાશરેખા પાથરતા આગિયા ઊડી રહ્યા હતા. અને લાંબા હોલમાં પ્રવેશીને જમીન પર બેઠો ત્યારે સર્વોત્તમ પ્રકારની શાંતિ એ સ્થળને પહોંચીને એની હવામાં ઠેલાઈ ગઈ હોય એવું લાગવા માંડ્યું.

ભેગા થયેલા દર્શનાર્થીઓ હોલમાં હારબંધ બેઠા હતા, પરંતુ કોઈ જાતનો અવાજ થતો નહોતો કે વાતો નહોતી થતી. ખૂણા-માંના કોચ પર મહર્ષિ બેઠા હતા. એમણે પલાંઠી વાળેલી હતી અને એમના હાથ નિરાંતે ઘૂંટણ પર મૂકાયેલા હતા. એમની આકૃતિ મને નવેસરથી સાદી અને નમ્ર કે સરળ લાગી. ઉપરાંત પ્રતિભાશાળી તથા ગૌરવવાળી જણાઈ. હોમરના જમાનાના કોઈક સંતની પેઠે એમનું મસ્તક ઉમદા રીતે સ્થિર હતું. એમની આંખ હોલના દૂરના છેડા તરફ અચળ રીતે મંડાયેલી હતી. દૃષ્ટિની એ અદ્‌ભુત એકાગ્રતા ખરેખર આશ્ચર્યકારક હતી. શું એ બારીમાંથી આકાશમાંથી વિલીન થતા સૂર્યના છેલ્લા કિરણને જોઈ રહ્યા છે, કે પછી કોઈક સ્વપ્ન જેવી સૂક્ષ્મતામાં ડૂબી જઈને આ જડ જગતનું કશું જોઈ જ નથી રહ્યા?

છાપરાની લાકડાની ચિરાડોમાં અગરબત્તીમાંથી પેદા થતું રોજનું વાદળ ફરી રહ્યું હતું. સ્થિરતાપૂર્વક બેસીને મેં મહર્ષિ પર



મારી દૃષ્ટિ સ્થિર કરવાનો પ્રયાસ કર્યો, પણ થોડાક વખતમાં જ આંખ બંધ કરવાની મને ઈચ્છા થઈ આવી. થોડા વખત પછી સંતપુરુષની સંનિધિમાં મારી અંદર વધારે ઊંડાણથી પ્રવેશ કરતી અસ્પષ્ટ શાંતિની અસર નીચે આવી જઈ હું અર્ધનિદ્રામાં પડી ગયો. આખરે મારી અભાન દશામાંથી માર્ગ થયો અને હું એક અજબ જેવું સ્વપ્ન જોવા માંડયો.

જાણે કે હું પાંચ વરસનો નાનો બાળક બની ગયો. અરુણા-ચલ પર્વતની ઉપર જતી અને આજુબાજુથી પસાર થતી કાચી સડક પર ઊભા રહીને મેં મહર્ષિનો હાથ પકડયો. પરંતુ મારી બાજુમાં ઊભેલા મહર્ષિ રાક્ષસ જેવા કદના બની ગયા. એમની આકૃતિ ઘણી ઊંચી બની ગઈ. એ મને આશ્રમથી દૂર લઈ જવા માંડયા, અને રાત્રીના ગાઢ અંધકારની વચ્ચે રસ્તો બતાવીને આગળ લઈ ગયા. એ રસ્તે અમે બંને એક સાથે ધીમે ધીમે ચાલવા માંડયા. થોડા વખત પછી ચંદ્ર તથા તારાએ અમારી આજુબાજુ પોતાનો ઝાંખો પ્રકાશ પાથરવા માંડયો. પથ્થરવાળી જમીનની ફાટોમાંથી અને અસ્થિર રીતે ટકી રહેલા રાક્ષસી ખડકોની વચ્ચેથી, મેં જોયું કે મહર્ષિ મને સંભાળપૂર્વક આગળ લઈ જાય છે. ટેકરી ચઢાવવાળી હતી અને અમે એના પર ધીમેથી ચડી રહ્યા હતા. પથ્થરો કે ખડકો વચ્ચેની સાંકડી જગ્યામાં અથવા નીચાં વૃક્ષોની ઘટામાં નાની મઢૂલીઓ તથા ગુફાઓ દેખાવા માંડી. અમે ત્યાંથી પસાર થયા ત્યારે એમાં રહેનારા એમને સત્કારવા બહાર આવ્યા. તારાના તેજમાં એમના સ્વરૂપો પ્રેતને મળતાં આવતાં છતાં, મને ઓળખતાં વાર ન લાગી કે એ બધા જુદા જુદા યોગીઓ છે, અમે એમને માટે રોકાવાને બદલે પર્વત-નું શિખર આવ્યું ત્યાં સુધી ચાલતા જ રહ્યા. આખરે અમે અટક્યા,

ત્યારે કોઇ મહત્ત્વની ઘટના બનવાની આગાહી કરતું હોય તેમ મારું હૃદય ધડકવા લાગ્યું.

મહર્ષિ પાછા ફરીને મારા મુખ તરફ જોવા માંડયા. મેં પણ બદલામાં એમની તરફ ઉત્સુકતાથી જોવા માંડયું. મારા મન તેમ જ અંતરમાં કોઇ ઝડપથી રહસ્યમય પરિવર્તન થઇ રહ્યું છે એનું મને ભાન થયું. મારા પર કાબૂ જમાવી બેઠેલા જૂના ખ્યાલો મારો ત્યાગ કરવા લાગ્યા. મને આમતેમ લઇ જનારી મારી ઉત્કટ ઇચ્છાઓ ઝડપથી દૂર થઇ ગઇ. મારા સાથીઓ સાથે મેં જેનાથી પ્રેરાઇને વ્યવહાર કરેલો તે અણગમા, ગેરસમજ, ઉદાસીનતા કે સખતાઇ ને સ્વાર્થવૃત્તિનો એકદમ અંત આવ્યો. મારા પર એક જાતની અવર્ણનીય શાંતિ વરસવા માંડી, અને મને જણાયું કે જિંદગીમાં હવે મારે વધારે કશું માગવા જેવું નથી રહ્યું.

એટલામાં તો મહર્ષિએ મને એકાએક પર્વતની તળેટીમાં જોવાની આજ્ઞા કરી, મેં એમની આજ્ઞાનું પાલન કરીને નીચે જોયું, અને મારા આશ્ચર્ય વચ્ચે મને જણાયું કે આપણી પૃથ્વીનો પશ્ચિમ ગોળાર્ધ નીચેના ભાગમાં દૂર સુધી પથરાયેલો છે. એ લાખો લોકોથી ભરેલો હતો. ઉપરથી જોતાં એ લોકો રૂપોના ભંડાર જેવા દેખાવા લાગ્યા. પરંતુ રાત્રીનો અંધકાર એમને હજી ઢાંકી દેવા લાગ્યો.

સંતપુરુષના ધીમે સ્વરે બોલાતા શબ્દો મારે કાને અથડાયા.

"તમે ત્યાં પાછા ફરશો ત્યારે અત્યારે અનુભવો છો તે શાંતિ તમને મળી રહેશે. પરંતુ એની કિંમત તરીકે તમારે તમે આ શરીર કે મગજ છો એવા ખ્યાલનો ત્યાગ કરવો પડશે. આ શાંતિનો પ્રવાહ તમારી અંદર વહેવા માંડશે ત્યારે તમારી જાતને તમે ભૂલી



જશો, કારણ કે એ દશામાં તમારું સમગ્ર જીવન 'તેની' તરફ વળી ચૂક્યું હશે."

એમ કહીને મહર્ષિએ મારા હાથમાં રૂપેરી પ્રકાશવાળી દોરીનો એક છેડો મૂક્યો.

એ અસાધારણ અનેરું સ્વપ્ન પૂરું થતાં હું જાગી ઊઠયો ત્યારે મારા પર એની સૂક્ષ્મ ઉત્તમતાની અસર એવી જ તાજી હતી. એ વખતે મહર્ષિની આંખ મારી આંખ સાથે એકાએક એક થઇ. એમણે પોતાનું મોઢું મારી દિશામાં ફેરવીને મારી આંખમાં સ્થિર દૃષ્ટિથી જોવા માંડયું.

એ સ્વપ્નની પાછળ શું રહસ્ય છૂપાયેલું હતું? મારા વ્યક્તિગત જીવનની ઇચ્છાઓ તથા કટુતાઓ થોડા વખત માટે એને લીધે ભૂલાઇ ગઇ. હું જાગૃતિમાં આવ્યો તે છતાં, સ્વપ્નમાં અનુભવેલી મારી પોતાની જાત પ્રત્યેની ઘોર ઉદાસીનતા અને મારા સાથીદારોને માટેની પ્રખર દયાવૃત્તિ હજુ એવી ને એવી જ કાયમ હતી. એ અનુભવ ખરેખર અદ્‌ભુત હતો.

પરંતુ સ્વપ્નમાં જરાક પણ સચ્ચાઇ હશે તો એ વસ્તુ લાંબો વખત ટકે, એવો વિચાર આવ્યા છતાં એનો નિર્ણય હું ન કરી શક્યો.

મારું સ્વપ્નું કેટલો વખત ચાલ્યું? હોલમાંની પ્રત્યેક વ્યક્તિ હવે ઊઠીને સૂવાની તૈયારી કરવા લાગી. મારે પણ ઇચ્છા ન હોવા છતાં એનું અનુકરણ કરવું પડયું.

એ લાંબા, સાધારણ બારીવાળા હોલમાં સંકડાઇને સૂવા કરતાં મેં ચોકની જ પસંદગી કરી. એક લાંબા, દાઢીવાળા શિષ્યે ફાનસ લાવી આપીને એને આખી રાત સળગતું રાખવાની સલાહ આપી. કારણ કે ત્યાં સાપ તેમ જ ચિત્તા જેવા સ્વાગત ન કરવા યોગ્ય

મુલાકાતીઓને આવવાની શક્યતા હતી, પ્રકાશથી તે દૂર રહે એમ હતું.

ધરતી સખત હતી, અને મારી પાસે ગાદલું ન હોવાથી પરિણામ એ આવ્યું કે મને થોડા કલાકો સુધી ઊંઘ જ ન આવી. પરંતુ તેની હરકત નહોતી. મારી પાસે વિચારવાની પૂરતી સામગ્રી હતી. મને લાગ્યું કે મહર્ષિના રૂપમાં મારા જીવનમાં હું એક એવી રહસ્યમય વ્યક્તિને મળ્યો છું જે મારા અત્યાર સુધીના અનુભવ દરમિયાન મને નથી મળી.

મહર્ષિ એ સર્વોત્તમ ક્ષણદ્વારા મને કશોક સંદેશ આપી રહ્યા હતા, છતાં એના ચોક્કસ સ્વરૂપને હું ન સમજી શક્યો. એ કદાચ અસ્પષ્ટ, અવિચારણીય અને આધ્યાત્મિક હતો. એ રાતે પ્રત્યેક વખતે વિચાર કરતાં, અને એ અનેરું સ્વપ્ન યાદ કરતાં, એક જાતની વિચિત્ર લાગણી મારમાં પેદા થવા માંડી અને મારું હૃદય અનિશ્ચિત છતાં ઊંચી આકાંક્ષાથી ધડકવા લાગ્યું.

(ક્રમશઃ)

* * *

**અંબાજીમાં ક્યાં ઉતરશો?**
"સ્વર્ગારોહણ"
**માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ**
"સ્વર્ગારોહણ", દાંતા રોડ, અંબાજી. (ઉ. ગુ.) ૩૮૫ ૧૧૦
એસ. ટી. ડી. ૦૨૭૪૯/ ટે. નં. ૬૨૨૬૯



# રામકથા

(સપ્ટેમ્બર-૯૭ થી ચાલુ) **યોગેશ્વરજી**

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

'તો પછી તારા પ્રસાદરૂપે એકાદ ફૂલ આપ. એને મારી પાસે સાચવી રાખીશ. એ મને સુખદુઃખમાં શાંતિ આપશે.'

ઊર્મિલાએ આપેલાં પુષ્પો નિષ્કામે અત્યંત પ્રસન્નતાપૂર્વક, કોઈ મોટી સંપત્તિ મળતી હોય તેમ, લઈ લીધાં.

**સેતુની રચના**

બપોર પછી મંદોદરી અશોકવાટિકામાં સીતા પાસે આવી પહોંચી ત્યારે સીતા ઊંડા વિચારમાં લીન બનીને બેઠેલી.

મંદોદરીને નિહાળીને એ થોડીક સ્વસ્થ થઈને બોલી : 'આજે મને મારી બહેન ઊર્મિલાનું સ્મરણ થઈ આવ્યું અને મન થોડુંક ઉદાસ બન્યું.'

'કેમ?'

'આજે એનો જન્મદિવસ છે. મારા પિતાજીને અને અમને સૌને એ ખૂબ જ પ્રિય હતી. એનો જન્મદિવસ અમે ભારે ઉલ્લાસ-પૂર્વક ઉજવતાં. હવે તો કોણ જાણે એ કેવી હશે અને શું કરતી હશે! એણે તો જન્મીને એના જીવનને સાચેસાચ સફળ કર્યું.'

'અને તેં? તેં પણ જીવન સફળ જ કર્યું છે ને? તારો જન્મ-દિવસ ક્યારે છે?'

'મારા જન્મદિવસને હું બહુ મહત્ત્વ નથી આપતી. મેં તો

જન્મીને બધાને ચિંતા કરાવી છે. લગ્ન નહોતું થયું ત્યારે પિતાને ચિંતા હતી, લગ્ન થયું ત્યારે અયોધ્યાના રાજકુળને અને રામને ચિંતા કરાવી; અને અત્યારે પણ શું છે? રામ અને લક્ષ્મણને મારે માટે કેટલી બધી ચિંતા થતી હશે? તારે માટે પણ હું મોટી ચિંતાનું કારણ થઇ પડી છું.'

મંદોદરી બોલી : 'એમ તો તું પોતે પણ ક્યાં ચિંતામુક્ત છે? પરંતુ એ ચિંતાનો હવે થોડા જ વખતમાં અંત આવશે. હવે મુસીબત કે દુઃખના દિવસો વધારે લાંબા નહિ ચાલે.'

સીતાએ કહ્યું : 'એવું આશ્વાસન જ રહ્યું છે. જ્યાં સુધી રામનું દર્શન નહિ થાય ત્યાં સુધી મારું અંતર શાંત નહિ બને. એનું આક્રંદ ચાલુ જ રહેશે. હવે તો વિધાતાએ ખરેખર હદ કરી છે. મારા પર અત્યાર સુધી પૂરતી વિપત્તિ વરસી ચૂકી છે. હવે તો એનો અંત આવે તો સારું.'

'એનો અંત અવશ્ય આવશે અને ધાર્યા કરતાં ઘણો વહેલો આવશે. એનો અંત આવે એવાં ચિહ્નો દેખાવા માંડયાં છે.'

'કેમ? કાંઇ થયું છે?'

'હા. હનુમાનના પ્રયાણ પછી હવે વિભીષણ પણ લંકાનો ત્યાગ કરીને રામની પાસે પહોંચી ગયા છે. એમણે રામનું શરણ લીધું છે.'

મંદોદરીએ વિભીષણની કથા કહી સંભળાવીને કહ્યું : 'વિભીષણ રામને બધી માહિતી પૂરી પાડશે અને એમનો રસ્તો સરળ કરશે. વિભીષણે લંકાનો ત્યાગ કર્યો એટલે રાવણનું સદ્‌ભાગ્ય એમને છોડી ગયું એમ જ સમજી લેજે. રામનો પક્ષ હવે વધારે પ્રબળ બન્યો. હનુમાન તથા વિભીષણ બંને રામને અહીં આવવા



માટે ઉત્સાહિત કરશે, અને વિભીષણ તો લંકાનો બધો ભેદ પણ બતાવી દેશે.'

સીતાએ થોડીવાર શાંતિ રાખીને કહ્યું : 'ચાતક જેમ વરસાદી વાદળની રાહ જોઇ રહી છું. એમનો લંકા પ્રવેશનો દિવસ મારે માટે અનેરા આનંદનો દિવસ હશે. મારી વેદના તે દિવસે જરાક ઓછી થશે. બાકી અત્યારે તો હું ભયંકર, અસહ્ય, વેદનામાં સળગી રહી છું.'

મંદોદરી સીતાને આશ્વાસન આપીને પાછી ફરી.

થોડાક દિવસો એવી રીતે વીતી ગયા પછી મંદોદરીએ એક દિવસ રાતે એની વાતના અનુસંધાનમાં કહ્યું : 'તમે તમારા સામર્થ્યનું આટલું બધું અભિમાન કરોછો પણ એ અભિમાન જ તમારા વિનાશનું કારણ થઇ પડશે. હું તમને વારંવાર કહી બતાવું છું તોપણ મારી વાત તમારા ગળે નથી ઉતરતી, એથી મારા દિલને જે દુઃખ થાય છે તે હું જ જાણું છું.'

રાવણે મૂછ પર હાથ ફેરવતાં કહ્યું : 'મારા સામર્થ્યનું અભિમાન હું એમનેમ નથી કરતો. એ સામર્થ્ય છે જ એવું લોકોત્તર કે એનું ગૌરવ કોઇને પણ થઇ જાય.'

'પરંતુ તમે તો એના અભિમાનમાં અંધ બન્યા છો. એટલે તો કોઇની સાચી સલાહ પણ નથી માનતા. તમારા ભાઇ વિભીષણ તમને તમારા હિતનાં વચનો કહેવા ગયા, અને એ પણ તમારા પોતાના પૂછવાથી, તો તમે તેમને કટુ શબ્દો કહીને અપમાનિત કર્યાં. એ લંકાનો ત્યાગ કરી ગયા તોપણ તમે એમને ન રોક્યા.'

'એને શા માટે રોકું? એને એની બુદ્ધિનું અભિમાન હતું, પરંતુ એ બુદ્ધિ જ એને ભારે પડી અને દગો દેનારી ઠરી. એને

ભોગ, વૈભવ, મહેલ તથા લંકાનો ત્યાગ કરવો પડયો. એને એના વધારે પડતા ડહાપણનો દંડ મળ્યો એમાં ખોટું શું છે? તારે એનો અફસોસ કરવાની જરા પણ જરૂર નથી.'

'મને જે અફસોસ થાય છે તે મારે માટે કે એમને માટે નથી થતો પરંતુ તમારે માટે થઇ રહ્યો છે.'

'મારે માટે શું કામ?'

'કારણ કે હું તમારી અર્ધાંગિની છું અને મને તમારે માટે લાગણી છે. તમે હાથે કરીને અમંગલને આમંત્રી રહ્યા છો એવું મને લાગ્યા કરે છે. વિભીષણે લંકાનો ત્યાગ કર્યો તેથી તમારું બળ ઓછું થયું એવું તમને નથી લાગતું?'

'બિલકુલ નહિ. એવું શા માટે લાગે? એ અહીં લંકામાં રહીને પણ બીજું શું કરત? મને ખોટી ખોટી સલાહ આપત એ જ ને? વળી એ અહીં રહેત તોપણ એની વફાદારી અને પ્રીતિ તો મારા-માં નહિ પણ રામમાં જ રહેત. ભવિષ્યમાં કદાચ યુદ્ધનો અવસર આવત તો ય એ સેના તથા શસ્ત્રો સાથે દુશ્મનને મળી જાત. એટલે જે થયું છે તે સારું જ થયું છે. એ અત્યારથી એના બેચાર સેવકો સાથે વિદાય થયો છે એ હકીકત મારા લાભમાં છે.'

મંદોદરી દુઃખી થઇને બોલી : 'તમને કેવી રીતે સમજાવું કે એ હકીકત તમારા લાભમાં નથી પણ નુકસાનમાં છે! તમારી બુદ્ધિ જ એવી વિપરીત બની ગઇ છે કે તમે દિવસને રાત અને રાતને દિવસ માનો છો.'

(ક્રમશઃ)

## * ઈશ્વરીય ભાવથી કરેલો રાગ કે દ્વેષ પણ મુક્તિ અપાવે. *

ક્લેશને કોઇ એક જ વસ્તુ કે વિષય કે વ્યક્તિમાં સ્થિર કે કેન્દ્રિત કરવાની જરૂર છે. કોઇનો ક્લેશ એક જ વસ્તુ પર એકાગ્ર થયેલો હોય છે. તુલસીદાસને રાગ હતો ને ગાઢ અનુરાગ હતો. પણ તે પોતાની જ સ્ત્રીમાં હતો. બિલ્વમંગળ-નું પ્રેમપાત્ર પણ એકાદ–બે જ હતું, ચંડીદાસને રામી ધોબણમાં ને મેનાવતીને વિદ્યાપતિમાં જ રાગ હતો. પ્રતાપને કુળનું ગૌરવ હતું. કંસ અને રાવણને કૃષ્ણ ને રામ પ્રત્યે જ દ્વેષભાવ હતો. એવી રીતે બીજાના સંબંધમાં પણ સમજી લેવાનું છે. એવી રીતે ક્લેશને કોઇ ઠેકાણે સ્થિર કરો. અથવા ઈશ્વરને માટે વહેતો કરો. તેમના પ્રવાહને પરમાત્મા તરફ પલટાવો. તો તે બાધક નહિ પણ સાધકને અમંગલ પણ મંગલ થઇ રહેશે. દરેક વસ્તુનો સારો તથા નરસો બંને જાતનો ઉપયોગ કરી શકાય છે. જો સારો ઉપયોગ કરતાં આવડે તો તે વસ્તુ ઉપયોગી થઇ શકે છે. રાગ ઈશ્વરમાં ને ઈશ્વરના પ્રેમી પુરુષોની સંગતિમાં કરો. સત્કર્મોનો રાગ પણ શરૂઆતમાં કરી શકાય. ગૌરવ રાખવું જ હોય તો ઉત્તમ ગુણોનું ને સંસ્કારોનું રાખો. ભય કુકર્મોનો કે કુવિચારોનો રાખો. દ્વેષભાવ ઈશ્વરમાં એટલા પૂરતો ધારણ કરો કે તેને કહી શકાય કે તું અમને દર્શન કેમ નથી દેતો? તું સર્વસમર્થ શાંતિસ્વરૂપ છે ને અમે અલ્પ ને અશાંત કેમ છીએ? બીજા-ના પર તેં કૃપા કરી છે ને અમારા પર કેમ નથી કરી? ઈશ્વરના થવામાં તથા રહેવામાં જ ગૌરવ લો. તેમ જ ભક્તિ, જ્ઞાન, સાધના ને કથામાં રાગ કરો.

યોગેશ્વરજી

ADHYATMA Regd. No. GBV 113

# * મનોબળને ખીલવો. *

કોઈ પણ સારું કામ કરવાની શરૂઆત કરી એટલે કેટલાક ટીકાખોર ને તેજોદ્વેષી લોકો તરફથી ટીકા ને નિંદા તો થવાની જ. પણ તેને મહત્ત્વની માનીને તમારા કામને પડતું ના મૂકો. એવી બાબતોમાં તમારે સ્વામી વિવેકાનંદનું મનોબળ કેળવવું જોઈએ. વિવેકાનંદને એક વાર રામકૃષ્ણદેવે પૂછ્યું કે, "ધાર કે લોકો તારી ટીકા ને નિંદા કરે તો તું શું માને? તારા પર એની કેવી અસર થાય?" વિવેકાનંદે તરત ઉત્તર આપ્યો કે, "હું તેને લેશ પણ ના ગણકારું ને સારું કામ કર્યે જાઉં. હું એમ માનું કે હાથીની પાછળ કૂતરાં ભસ્યે જાય છે!" રામકૃષ્ણદેવ એ શબ્દો સાંભળીને હસી પડ્યા ને કહેવા લાગ્યા કે, "એટલો બધો આગળ ના વધી જઈશ." પરંતુ એ શબ્દોની પાછળ જે જુસ્સો, ભાવ ને નીડરતાનો પ્રવાહ હતો તે તેમને ગમ્યો. તેની પાછળનું મનોબળ ખરેખર કદર કરવા જેવું છે. એ મનોબળ વિવેકાનંદને આગળ પર ઉપયોગી થઈ પડ્યું. શિકાગોની સર્વધર્મ પરિષદમાં પ્રખ્યાતિ પામ્યા પછી પણ ભારતના જ કેટલાક સંકુચિત ને સ્વાર્થી લોકોએ દેશ ને પરદેશમાં તેમની વિરુદ્ધ પ્રચાર કર્યો ત્યારે તે મનોબળ તેમને ખૂબ ખૂબ કામ લાગ્યું. તે મનોબળે તેમને જીવનના કેટલાય વિરોધી સંજોગોનો સસ્મિત સામનો કરવાની શક્તિ આપી. એવા નીડર ને સત્યને હિંમતપૂર્વક વળગી રહેવામાં મદદરૂપ થનારા મનોબળને ખીલવવાની જરૂર છે.

યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાનઃ—પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર—૧.